॥ ॐ ॥

# શ્રી લઘુ જૈન સિદ્ધાંત પ્રવેશિકા

: આદ્યલેખક :


આગરાનિવાસી સ્યાદ્વાદવારિધિ વિદ્વચ્છિરોમણિ

**સ્વ૦ પંડિત શ્રી ગોપાલદાસજી બરૈયા**


: પ્રકાશક :


**શ્રી દિ૦ જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**

**સોનગઢ (સૌરાષ્ટ્ર)**

પ્રથમાવૃત્તિ વીર સં. ૨૪૮૬ પ્રત–૨૦૦૦
દ્વિતીયાવૃત્તિ વીર સં. ૨૪૮૭ પ્રત–૩૦૦૦
તૃતીયાવૃત્તિ વીર સં. ૨૪૯૩ પ્રત–૩૧૦૦
ચતુર્થાવૃત્તિ વીર સં. ૨૪૯૮ પ્રત–૩૧૦૦

★

: મુદ્રક :
ખોડિયાર પ્રીન્ટીંગ પ્રેસ, ૧૨, નવા કુંભારવાડા,
રાજકોટ.

૬૭ સંપ્રદાન, ૪૩ સમ્યક્ત્વ (શ્રદ્ધા)
૨૧ સામાન્ય ગુણ, ૨૨ સામાન્ય ગુણ કેટલા
૮૨ સંશય મિથ્યાત્વ, ૮૩ સંશય
૫૭ સંવર, ૬૫ સાત તત્વની યથાર્થ શ્રદ્ધામાં દેવ–ગુરુ–ધર્મની શ્રદ્ધા
૫૧ સુખ, સૂક્ષ્મત્વ પ્રતિજીવી ગુણ
૨૫ સ્કંધ, સ્કંધના ભેદ
૩૪ સ્વભાવવ્યંજન પર્યાય
૩૫ સ્વભાવ અર્થપર્યાય
૫૫ સ્યાદ્વાદ, ૪૫ સ્વરૂપાચરણચરિત્ર
૮૯ થી ૯૭ પરિશિષ્ટ
૯૨ લોકની મોટાઇ, ઊંચાઇ અને પહોળાઈ કેટલી ?

---

લ

૩૦ લોકાકાશ

૩૨ લોકાકાશ બરાબર કોણ જીવ થાય ?

વ

૨૨ વસ્તુત્વગુણ, ૮૩ વિનયમિથ્યાત્વ

૮૧ વિપરીત મિથ્યાત્વ, ૮૪ વિપર્યય

૩૪ વિભાવવ્યંજનપર્યાય, ૩૫ વિભાવઅર્થપર્યાય

૨૨ વિશેષ ગુણ, ૪૭ વીર્ય, ૨૭ વૈક્રિયક શરીર

૫૦ વૈભાવિક ગુણ, ૩૩ વ્યય, ૩૪ વ્યંજનપર્યાય

૩૪ વ્યંજનપર્યાયના ભેદ, ૩૧ વ્યવહારકાળ

શ

૨૭ શરીર કેટલા, ૩૯ શ્રુતજ્ઞાન

સ

૪૬ સકલ ચરિત્ર, ૩૨ સમુદ્ઘાત



॥ ॐ ॥

परमात्मने नमः

# શ્રી લઘુ જૈન સિદ્ધાંત પ્રવેશિકા

---

મંગલાચરણ

नत्वा जिनेन्द्रं गतसर्वदोषं
सर्वज्ञदेवं हितदर्शकं च ।
श्रीजैनसिद्धान्तप्रवेशिकेयं
विरच्यते स्वल्पधियां हिताय ॥

**અર્થ:**—જેના સર્વ દોષ નાશ થયા છે, અને જેઓ હિતને માટે ઉપદેશ આપનાર છે, એવા સર્વજ્ઞદેવ શ્રી જિનેન્દ્ર ભગવાનને નમસ્કાર કરીને આ "શ્રી જૈનસિદ્ધાંતપ્રવેશિકા" ગ્રંથ અલ્પબુદ્ધિવાળાના હિતને માટે રચવામાં આવે છે.

—:स्तुतिः—

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी ।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम् ॥

आत्माज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम् ।
परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम् ॥

अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया ।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥

*



ભ

૪૭ ભવ્યત્વગુણ, ૪૯ ભાવપ્રાણ
૪૯ ભાવપ્રાણના ભેદ, ૫૮ ભાવેન્દ્રિયના ભેદ
૫૦ ભાવબલપ્રાણના ભેદ, ૫૬ ભાવઆસ્રવ
૫૬ ભાવપુણ્ય, ૫૭ ભાવપાપ
૫૭ ભાવસંવર, ૫૮ ભાવનિર્જરા
૫૮ ભાવમોક્ષ, ૨૬ ભાષાવર્ગણા

મ

૩૯ મતિજ્ઞાન, ૯૨ મતિજ્ઞાનના ભેદ
૨૬ મનોવર્ગણા ૪૦ મનઃપર્યયજ્ઞાન
૮૦ મિથ્યાત્વના ભેદ, ૮૩ મિથ્યાજ્ઞાન
૫૮ મોક્ષ

ય

૪૫ યથાખ્યાત ચારિત્ર, ૬૯ યોગ્યતા
૮૭ યોગ

૨૪ પ્રત્યેક દ્રવ્યના વિશેષગુણ
૩૧ પ્રત્યેક જીવ કેવડો મોટો છે
૫૨ પ્રધ્વંસાભાવ
૩૬ પ્રતિજીવી ગુણ
૨૫ પુદ્‌ગલ દ્રવ્ય
૨૫ પુદ્‌ગલના ભેદ
૩૨ પુદ્‌ગલપરમાણુ પણ એકપ્રદેશી છે તે અસ્તિકાય કેવી રીતે?
૭૬ પુદ્‌ગલ કર્મ, યોગ વગેરે જીવને રાગદ્વેષના પ્રેરક છે?
૭૬ પુદ્‌ગલકર્મની જોરાવરી
૫૬ પુણ્ય, ૫૬ પાપ
૯૭ પ્રાણના ભેદ, ૫૨ પ્રાગભાવ

બ

૨૬ બંધ, ૫૭ બંધ



## શ્રી નમસ્કાર મંત્ર.

(૧) ણમો અરહંતાણં (૨) ણમો સિદ્ધાણં (૩) ણમો આઇરિયાણં (૪) ણમો ઉવજ્ઝાયાણં (૫) ણમો લોએ સવ્વસાહૂણં

અર્થ :- (૧) શ્રી અર્હંતને નમસ્કાર હો (૨) શ્રી સિદ્ધને નમસ્કાર હો (૩) આચાર્યને નમસ્કાર હો (૪) ઉપાધ્યાયને નમસ્કાર હો (૫) લોકમાં રહેલા સર્વ સાધુઓને નમસ્કાર હો.

આ નમસ્કારમંત્ર મહા મંગલસ્વરૂપ છે.

## પંચ પરમેષ્ઠીનું સ્વરૂપ

### (૧) શ્રી અર્હંતનું સ્વરૂપ.

ઘનઘાતિ કર્મ વિહીનને
ચોત્રીશ અતિશય યુક્ત છે;
કૈવલ્યજ્ઞાનાદિક પરમગુણ-
યુક્ત શ્રી અર્હંત છે.
(નિયમસાર ગાથા ૭૧.)

[घनघातिकर्म रहिताः] ઘનઘાતિકર્મ રહિત [केवलज्ञानादिपरमगुणसहिताः] કેવળજ્ઞાનાદિ પરમ-ગુણો સહિત અને [चतुस्त्रिंशदतिशययुक्ताः] ચોત્રીશ અતિશય સંયુક્ત;—[ईदृशाः] આવા, [अर्हन्तः] અર્હંતો [भवन्ति] હોય છે. ૭૧.

**(૨) સિદ્ધનું સ્વરૂપ.**

**છે અષ્ટ કર્મ વિનષ્ટ,**
**અષ્ટ મહાગુણે સંયુક્ત છે;**
**શાશ્વત પરમ ને લોક-**
**અગ્ર વિરાજમાન શ્રી સિદ્ધ છે. ૭૨.**

[नष्टाष्टकर्मबन्धाः] આઠ કર્મના બંધનો જેમણે નષ્ટ કરેલ છે એવા, [अष्टमहागुणसमन्विताः] આઠ મહાગુણો સહિત, [परमाः] પરમ, [लोकाग्रस्थिताः] લોકના અગ્રે સ્થિત અને [नित्याः] નિત્ય;—[ईदृशा] આવા, [ते सिद्धाः] તે સિદ્ધો [भवन्ति] હોય છે. ૭૨.



**ન**


૮૭ નવ દેવ
૭૦ નિમિત્તકારણ
૩૧ નિશ્ચયકાળ
૭૮ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ


**પ**


૮૫ પ્રમાદ
૮૬ પ્રમાદના ભેદ
૨૫ પરમાણુ
૨૧ પર્યાય
૩૪ પર્યાયના ભેદ
૨૩ પ્રમેયત્વગુણ
૨૩ પ્રદેશત્વગુણ
૩૩ પ્રદેશ

૫૬ દ્રવ્યઆસ્રવ
૫૬ દ્રવ્યપુણ્ય
૫૭ દ્રવ્યપાપ
૫૭ દ્રવ્યસંવર
૫૮ દ્રવ્યનિર્જરા
૫૮ દ્રવ્યમોક્ષ
૩૭ દર્શનચેતના
૩૮ દર્શનચેતનના ભેદો
૩૯ દર્શન ક્યારે ઉત્પન્ન થાય છે?
૪૫ દેશચારિત્ર
૬૨ દેવ--ગુરુનું સ્વરૂપ

ધ

૨૯ ધર્મદ્રવ્ય
૬૫ ધર્મ, ૩૪ ધ્રૌવ્ય



(૩) આચાર્યનું સ્વરૂપ.

પરિપૂર્ણ પંચાચારમાં,
વળી ધીર ગુણગંભીર છે.
પંચેંદ્રિગજના દર્પદલને
દક્ષ શ્રી આચાર્ય છે. ૭૩.

[**पंचाचारसमग्राः**] પંચાચારોથી પરિપૂર્ણ, [**पंचेन्द्रियदंतिदर्पनिर्दलनाः**] પંચેન્દ્રિરૂપી હાથીના મદનું દલન કરનાર, [**धीराः**] ધીર અને [**गुणगंभीराः**] ગુણગંભીર;–[**ईदृशाः**] આવા [**आचार्याः**] આચાર્યો [**भवन्ति**] હોય છે. ૭૩.

(૪) ઉપાધ્યાયનું સ્વરૂપ.

રત્નત્રયે સંયુક્ત ને
નિઃકાંક્ષભાવથી યુક્ત છે,
જિનવર કથિત અર્થોપદેશે–
શૂર શ્રી ઉવઝાય છે. ૭૪.

[रत्नत्रयसंयुक्ताः] રત્નત્રયથી સંયુકત, [शूराः जिनकथितपदार्थदेशकाः] જિનકથિત પદાર્થના શૂરવીર ઉપદેશક અને [निःकांक्षभावसहिताः] નિઃકાંક્ષભાવ સહિતઃ—[ईदृशाः] આવા, [उपाध्यायाः] ઉપાધ્યાયો [भवन्ति] હોય છે. ૭૪.

(૫) સાધુનું સ્વરૂપ.

નિર્ગ્રંથ છે, નિર્મોહ છે,
વ્યાપારથી પ્રવિમુકત છે,
ચઉવિધ આરાધન વિષે—
નિત્યાનુરકત શ્રી સાધુ છે. ૭૫

[व्यापारविप्रमुक्ताः] વ્યાપારથી વિમુકત (—સમસ્ત વ્યાપાર રહિત), [चतुर्विधाराधनासदारक्ताः] ચાર પ્રકારની આરાધનામાં સદા રકત (—લીન), [निर्ग्रन्थाः] નિર્ગ્રંથ અને [निर्मोहाः] નિર્મોહ;—[एतादृशाः] આવા, [साधवः] સાધુઓ [भवन्ति] હોય છે. ૭૫.



૩૭ જીવના પ્રતિજીવી ગુણ
૪૩ જૈન

**જ્ઞ**

૩૭ જ્ઞાનચેતના
૩૯ જ્ઞાનચેતનાના ભેદ

**ત**

૨૬ તૈજસ વર્ગણા
૨૮ તૈજસ શરીર
૫૫ તત્વ કેટલા છે

**દ**

૨૧ દ્રવ્ય
૨૩ દ્રવ્યત્વ ગુણ
૨૪ દ્રવ્યના ભેદ
૪૮ દ્રવ્યપ્રાણના ભેદ

ચ

૩૭ ચેતના
૩૭ ચેતનાના ભેદ
૩૮ ચક્ષુદર્શન
૪૪ ચારિત્ર
૪૫ ચારિત્રના ભેદ
૫૩ ચાર પ્રકારના અભાવ સમજવાથી શું લાભ?

જ

૫૬ જીવ
૨૫ જીવદ્રવ્ય
૪૮ જીવત્વગુણ
૩૧ જીવાદિ દ્રવ્ય કેટલા છે અને ક્યાં છે
૩૭ જીવના અનુજીવી ગુણ



## (૧) શ્રી અર્હંતનું વિશેષ સ્વરૂપ.

અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતસુખ અને અનંતવીર્ય —એ ચાર તથા બાહ્ય ૩૪ અતિશય, ૮ પ્રાતિહાર્ય એમ બાહ્ય–અભ્યંતર સર્વ મળીને ૪૬ ગુણ તે શ્રી અર્હંત ભગવાનને છે.

**દશ અતિશય જન્મથી હોય છે.**

(૧) મલ–મૂત્રનો અભાવ, (૨) પરસેવાનો અભાવ, (૩) ધોળું લોહી, (૪) સમચતુરસ્રસંસ્થાન, (૫) વજ્રવૃષભનારાચસંહનન, (૬) સુંદર રૂપ, (૭) સુગંધ-શરીર, (૮) ઉત્તમ–ભલા લક્ષણ, (૯) અનંતબલ, (૧૦) મધુરવચન.

**દશ અતિશય કેવળજ્ઞાન ઉપજતાં હોય છે.**

(૧) ઉપસર્ગનો અભાવ, (૨) અદયાનો અભાવ, (૩) શરીરની છાયા પડે નહિ, (૪) ચાર મુખ દેખાય, (૪) સર્વ વિદ્યાનું સ્વામીપણું, (૬) આંખનું મટકું ફરે નહિ, (૭) સો યોજન સુધી સુભિક્ષતા, (૮)

આકાશ ગમન (પૃથ્વીથી વીશ હજાર હાથ ઊંચે), (૯) કવલાહાર નહીં, (૧૦) નખ કેશ વધે નહીં.

**ચૌદ અતિશય દેવકૃત હોય છે.**

(૧) સકલઅર્ધમાગધીભાષા, (૨) સર્વ જીવોમાં મૈત્રીભાવ, (૩) સર્વ ઋતુના ફળ-ફૂલ ફળે, (૪) દર્પણસમાન ભૂમિ, (૫) કંટક રહિતભૂમિ, (૬) મંદ સુગંધ પવન, (૭) સર્વને આનંદ, (૮) ગંધોદક વૃષ્ટિ, (૯) પગ તળે કમળ રચે, (૧૦) સર્વ ધાન્ય નિપજે, (૧૧) દશે દિશા નિર્મળ, (૧૨) આકાશમાં દેવોના આહ્વાન શબ્દ તથા જય-જય ધ્વનિ, (૧૩) ધર્મચક્ર આગળ ચાલે, (૧૪) આઠ મંગળ દ્રવ્ય આગળ ચાલે.

[આઠ મંગળ દ્રવ્યના નામઃ-(૧) છત્ર, (૨) ધજા, (૩) દર્પણ, (૪) કળશ, (૫) ચામર, (૬) ઝારી, (૭) પંખો, (૮) ઠવણાં].

**આઠ *પ્રાતિહાર્ય હોય છે તેના નામ.**

(૧) અશોકવૃક્ષ, (૨) પુષ્પવૃષ્ટિ, (૩) દિવ્યધ્વનિ,



૬૬ કાય
૬૮ કારણ
૨૭ કાર્માણ વર્ગણા
૨૮ કાર્માણ શરીર
૩૦ કાલદ્રવ્ય
૩૦ કાળના ભેદ
૩૨ કેટલા દ્રવ્ય અસ્તિકાય છે?
૩૨ કાળદ્રવ્ય અસ્તિકાય કેમ નથી?
૩૩ કયા દ્રવ્યને કેટલા પ્રદેશ
૩૬ કોણ કોણ દ્રવ્યમાં કોણ કોણ પર્યાય
૩૮ કેવળદર્શન
૪૧ કેવળજ્ઞાન
૬૮ કાર્યોત્પત્તિનું કારણ

ગ

૨૧ ગુણ, ૨૧ ગુણના ભેદ

૬૩ ઉપાધ્યાય
૬૯ ઉપાદાન કારણ
૭૨ ઉપાદાન-નિમિત્તના નિયમ—દોહરામાં

એ

૨૮ એક સાથે એક જીવને કેટલા શરીર ?
૪૨ એક સાથે એક જીવને કેટલા જ્ઞાન ?
૮૦ એકાન્ત મિથ્યાત્વ

ઓ

૨૭ ઔદારિક શરીર

ક

૬૬–૭૯ કર્તા–કર્મ
૪૫ કષાય
૮૬ કષાય—નોકષાય
૬૬ કરણ



(૪) ચામર, (૫) સિંહાસન, (૬) ભામંડલ, (૭) દુંદુભિ, (૮) છત્ર.

**(૨) શ્રી સિદ્ધનું સ્વરૂપ.**

(૧)સમ્યક્ત્વ, (૨) દર્શન, (૩) જ્ઞાન, (૪) વીર્ય (૫) અગુરુલઘુ, (૬) અવગાહન, (૭) સૂક્ષ્મત્વ, (૮) અવ્યાબાધ. એ આઠ ગુણની શુદ્ધપર્યાયો જેને પ્રગટ થઈ છે તે સિધ્ધ ભગવાન છે. આ આઠ ગુણો વ્યવહારનયથી છે નિશ્ચયથી અનંત ગુણો છે.

**૩ શ્રી આચાર્યનું સ્વરૂપ.**

જે વિરાગી બની સમસ્ત પરિગ્રહ છોડી શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી અંતરંગમાં તો એ શુદ્ધોપયોગ વડે પોતે પોતાને અનુભવે છે, પર દ્રવ્યમાં અહંબુદ્ધિ ધારતા નથી, પોતાના જ્ઞાનાદિ સ્વભાવોને જ પોતાના માને છે, પરભાવોમાં મમત્વ કરતા નથી, કોઇને ઇષ્ટ—અનિષ્ટ માની તેમાં રાગ-દ્વેષ કરતા નથી,

* પ્રાતિહાર્ય :– વિશેષ મહિમા બોધક ચિન્હ.

હિંસાદિરૂપ અશુભોપયોગનું તો અસ્તિત્વ જ જેને રહ્યું નથી. એવી અંતરંગ દશા થતા બાહ્ય દિગંબર સૌમ્યમુદ્રાધારી થયા છે, ૨૮ મૂલગુણોને જેઓ અખંડિત પાળે છે.

**આવા આચાર્યના ૩૬ ગુણ.**

૧૦ ઉત્તમક્ષમાદિ ધર્મ, ૧૨ પ્રકારના તપ, ૫ દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર, એ **પાંચ** આચાર. ૬ આવશ્યક-(૧ સામાયિક, ૨ ચોવીશ તીર્થંકર અથવા પંચપરમેષ્ઠીની સ્તુતિ, ૩ વંદના, ૪ પ્રતિક્રમણ, ૫ પ્રત્યાખ્યાન અને ૭ કાયોત્સર્ગ) ગુપ્તિ (મન-વચન-કાયગુપ્તિ) એ પ્રમાણે ૩૬ ગુણ પોતે પાળે છે તથા બીજા ભવ્યજીવોને પળાવે છે આવા આચાર્ય મુનિઓના સંઘના અધિપતિ હોય છે.

**(૪) શ્રી ઉપાધ્યાયનું સ્વરૂપ.**

તેઓ પણ મુનિના ૨૮ મૂળગુણ તથા નિશ્ચય-સમ્યક્દર્શનાદિ સહિત છે, એવી અંતરંગદશા થતાં



૮૪ અવિરતિ અને તેના ભેદ
૫૦ અવ્યાબાધ પ્રતિજીવી ગુણ
૨૨ અસ્તિત્વગુણ
૩૨ અસ્તિકાય

**આ**

૨૯ આકાશ
૨૯ આકાશના ભેદ
૬૩ આચાર્ય
૫૬ આસ્રવ
૬૦ આસ્રવતત્ત્વની ભૂલ
૨૭ આહારક શરીર
૨૬ આહાર વર્ગણા

**ઉ**

૩૩ ઉત્પાદ
૬૮ ઉત્પાદક સામગ્રીના ભેદ

| | |
|---|---|
| ૮૨ | અજ્ઞાન મિથ્યાત્વ |
| ૨૯ | અધર્મ દ્રવ્ય |
| ૬૭ | અધિકરણ |
| ૮૪ | અનધ્યવસાય |
| ૩૬ | અનુજીવી ગુણ |
| ૪૨ | અનેકાન્ત |
| ૫૨ | અન્યોન્યાભાવ |
| ૬૭ | અપાદાન |
| ૪૮ | અભવ્યત્વ ગુણ |
| ૫૨ | અભાવના ભેદ |
| ૬૨ | અર્હંતનું સ્વરૂપ |
| ૩૦ | અલોકાકાશ |
| ૫૧ | અવગાહનત્વ પ્રતિજીવી ગુણ |
| ૩૮ | અવધિદર્શન |
| ૪૦ | અવધિજ્ઞાન |




બાહ્ય દિગમ્બર સૌમ્યમુદ્રાધારી થયા છે, આવા ઉપાધ્યાયના ૨૫ ગુણ–૧૧ અંગ ૧૪ પૂર્વને પોતે ભણે છે તથા પાસે રહેનાર ભવ્ય જીવોને ભણાવે છે (તે મુનિઓમા શિક્ષક–અધ્યાપક હોય છે.)

## (૫) સર્વ સાધુ પરમેષ્ઠીનું સ્વરૂપ.

જે નિશ્ચયસમ્યક્દર્શનાદિ સહિત છે. વિરાગી બની સમસ્ત પરિગ્રહ છોડી; શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી અંતરંગમાં તો એ શુદ્ધોપયોગ વડે પોતે પોતાને અનુભવે છે, પરદ્રવ્યમાં અહંબુદ્ધિ ધારતા નથી, પોતાના જ્ઞાનાદિ સ્વભાવોને જ પોતાના માને છે, પરભાવોમાં મમત્વ કરતા નથી, કોઇને ઇષ્ટ–અનિષ્ટ માની રાગ–દ્વેષ કરતા નથી, હિંસાદિરૂપ અશુભોપયોગનું તો અસ્તિત્વ જ જેને રહ્યું નથી એવી અંતરંગદશા થતાં બાહ્ય દિગંબર સૌમ્યમુદ્રાધારી થયા છે, ૨૮ મૂળ ગુણોને અખંડિત પાળે છે.

**સર્વ મુનિ (સાધુ-શ્રમણ) ના ૨૮ મૂળગુણના નામ**

**(૫) મહાવ્રત**-(હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહની વિરતિરૂપ પાંચ પ્રકાર)

**(૫) સમિતિ**-(ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપણ, પ્રતિષ્ઠાપન)

**(૫) ઇંદ્રિયરોધ**-(પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં ઇષ્ટ-અનિષ્ટ ન થવું)

**(૬) આવશ્યક**-(સામાયિક, વંદના, ૨૪ તીર્થંકરની અથવા પંચપરમેષ્ઠીની સ્તુતિ, પ્રતિક્રમણ, સ્વાધ્યાય, કાયોત્સર્ગ)

(૨૨) કેશ લોંચ, (૨૩) અચેલપણું એટલે વસ્ત્રરહિત -- દિગંબરપણું, (૨૪) અસ્નાનતા, (૨૫) ભૂમિશયન, (૨૬) દાતણ ન કરવું, (૨૭) ઊભા ઊભા ભોજન, (૨૮) એક વખત આહાર.

[આચાર્ય-ઉપાધ્યાય અને સાધુ એ ત્રણે નિશ્ચયરત્નત્રય અર્થાત્ શુદ્ધોપયોગરૂપ-મુનિધર્મરૂપ-જે આત્મસ્વરૂપનું



# અકારાદિ ક્રમ મુજબ પ્રશ્નોની સૂચી


| પૃષ્ઠ સંખ્યા | અ |
|---|---|
| ૨૩ | અગુરુલઘુત્વ ગુણ |
| ૫૧ | અગુરુલઘુત્વપ્રતિજીવી ગુણ |
| ૩૮ | અચક્ષુદર્શન |
| ૫૫ | અજીવ |
| ૫૯ | અજીવતત્વની ભૂલ |
| ૫૩ | અત્યંતાભાવ |
| ૩૫ | અર્થપર્યાય |
| ૩૫ | અર્થપર્યાયના ભેદ |

૫–અસંજ્ઞી પંચેન્દ્રિયને નવ પ્રાણ–સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, આયુ, કાયબળ અને વચનબળ;

સંજ્ઞી પંચેન્દ્રિયને દસ પ્રાણ–પાંચ ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, આયુ મનબળ, વચનબળ અને કાયબળ



સાધન તે વડે પોતાના આત્મામાં સદા તત્પર (સાવધાન–જાગ્રત) રહે છે. બાહ્યમાં ૨૮ મૂળગુણોના ધારક હોય છે. તેમની પાસે દયાનું ઉપકરણ પીછી, શૌચનું ઉપકરણ કમંડળ અને જ્ઞાનનું ઉપકરણ સુશાસ્ત્ર હોય છે. તેઓ શાસ્ત્રકથિત ૪૬ દોષ; ૩૨ અંતરાય, ૧૪ મલ દોષથી બચાવીને શુદ્ધ આહાર લે છે. તે જ મોક્ષમાર્ગના સાધક સાચા સાધુ છે અને એ જ ગુરુ કહેવાય છે.

[શ્રી અર્હંત અને સિદ્ધભગવાન તે દેવ છે અને આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ તે ગુરુ છે.]

**શાસ્ત્રનું સ્વરૂપ**–જેમાં અનેકાન્તરૂપ સાચા જીવાદિ તત્ત્વોનું નિરૂપણ છે તથા જે સાચો રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ દેખાડે છે તે જૈનશાસ્ત્રો છે.

(મોક્ષમાર્ગ પ્ર૦ પાનું ૨૨૮)

**નવ દેવ:**—અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સર્વસાધુ, જિનધર્મ, જિનવચન, જિનપ્રતિમા, જિનમંદિર, એ નવ દેવ છે.

**મંગલ:**—શ્રી અરહંતાદિક જ પરમ મંગલ છે તેમાં ભક્તિભાવ થતાં પરમ મંગલ થાય છે. મંગ એટલે સુખ તેને લાતિ એટલે આપે અથવા 'મ' એટલે પાપ તેને ગાળે તે મંગળ છે.

**અર્હંત ભગવાન ૧૮ દોષ રહિત છે. તે દોષના નામ.**

[क्षुधा] ક્ષુધા, [तृषा] તૃષા, [भय] ભય, [रोषः] રોષ (ક્રોધ), [रागः] રાગ, [मोहः] મોહ, [चिन्ता] ચિંતા, [जराः] જરા, [रुजा] રોગ, [मृत्युः] મૃત્યુ, [स्वेदः] સ્વેદ (પરસેવો), [खेदः] ખેદ, [मदः] મદ, ]रतिः] રતિ, [विस्मयनिद्रेः] વિસ્મય, નિદ્રા, ]जन्मोद्वेगौः] જન્મ અને ઉદ્વેગ—(આ અઢાર દોષ છે તે અર્હંતને કદી હોતા નથી.)

[નિયમસાર ગાથા ૬]



નિઃસૃત, અનિઃસૃત, ઉક્ત, અનુક્ત ધ્રુવ અને અધ્રુવ.

**પ્ર.** કયા જીવને કેટલા પ્રાણ હોય છે?

**ઉ.** ૧—એકેન્દ્રિયને ચાર પ્રાણ—સ્પર્શનેન્દ્રિય, કાયબળ, શ્વાસોચ્છ્વાસ અને આયુ;

૨—બેઇન્દ્રિયને છ પ્રાણ—સ્પર્શન અને રસનેન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, આયુ, કાયબળ, અને વચનબળ;

૩—ત્રીઇન્દ્રિયવાળાને સાતપ્રાણ—સ્પર્શ, રસ અને ઘ્રાણેન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, આયુ, કાયબળ અને વચનબળ,

૪—ચતુરિન્દ્રિયને આઠપ્રાણ—સ્પર્શ, રસ, ઘ્રાણ અને ચક્ષુ ઇન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ આયુ, કાયબળ અને વચનબળ;

ઉ. વ્યકત પદાર્થના અવગ્રહ જ્ઞાનને અર્થાવગ્રહ કહે છે.

પ્ર. વ્યંજનાવગ્રહ કોને કહે છે ?

ઉ. અવ્યકત પદાર્થના અવગ્રહજ્ઞાનને વ્યંજનાવગ્રહ કહે છે.

પ્ર. વ્યંજનાવગ્રહ અર્થાવગ્રહની જેમ સર્વ ઇન્દ્રિયો અને મન દ્વારા થાય છે? તે કેવી રીતે ?

ઉ. વ્યંજનાવગ્રહ ચક્ષુ અને મનના સિવાય બાકીની સર્વ ઇન્દ્રિયોથી થાય છે.

પ્ર. વ્યકત અને અવ્યકત પદાર્થોના કેટલા ભેદ છે ?

ઉ. દરેકના બાર બાર ભેદ છે. બહુ, એક, બહુવિધ, એકવિધ, ક્ષિપ્ર, (-જલદી), અક્ષિપ્ર,



૧૮ દોષના નામ:—

(દોહા)

જન્મ, જરા, તૃષા, ક્ષુધા, વિસ્મય, અરતિ, ખેદ,
રોગ, શોક, મદ, મોહ, ભય, નિદ્રા, ચિન્તા, સ્વેદ,
રાગ-દ્વેષ, અરુ મરણયુત એ અષ્ટાદશ દોષ,
નહિં હોતે અરહંતકે સો છબિ લાયક મોક્ષ.

પ્ર.—જૈનધર્મ શું છે ?

ઉ.—જૈનધર્મ તે રાગ-દ્વેષ-અજ્ઞાનને જીતનાર આત્મ-સ્વભાવ છે. તેથી જેટલે અંશે રાગ-દ્વેષ-અજ્ઞાનનો નાશ કરે તેટલે અંશે જૈનપણું છે, જૈનપણાની શરૂઆત સમ્યગ્દર્શનથી જ થાય છે.

મિથ્યાત્વ:—પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોનું અન્યથા શ્રદ્ધાન.

### ચાર મંગળ

ચત્તારિમંગલ :—અરહંતામંગલં, સિદ્ધામંગલં, સાહૂમંગલં, કેવલિપણ્ણત્તો ધમ્મોમંગલં,
ચત્તારિલોગુત્તમા—અરહંતાલોગુત્તમા સિદ્ધલોગુત્તમા,

સાહૂલોગુત્તમા, કેવલિપંણ્ણત્તો ધમ્મોલોગુત્તમા.

**ચત્તારિસરણં પવ્વજ્જામિ—** અરહંતેસરણં પવ્વજ્જામિ,, સિધ્ધેસરણંપવ્જ્જામિ, સાહૂસરણં પવ્વજ્જામિ, કેવલિપણ્ણત્તોધમ્મોસરણં પવ્વજ્જામિ.

**અર્થ:—**મંગલભૂત પદાર્થો ચાર જ છે–અરહંતો; સિદ્ધભગવંતો, સાધુઓ અને કેવલિ–કથિત ધર્મ.

લોકમાં ઉત્તમ તથા શરણરૂપ પણ ચાર જ છે—અરહંતદેવો, સિદ્ધપરમાત્માઓ, સાધુઓ અને કેવલિ–પ્રરૂપિત ધર્મ; તેથી જ હું એ ચાર—અરહંત ભગવંતો, સિદ્ધ-પરમાત્માઓ, સાધુઓ, અને કેવલિ-પ્રરૂપિત ધર્મનું શરણ અંગીકાર કરું છું.

મંગળ=પાપને ગાળે, પવિત્રતાને લાવે એવા સ્વરૂપનું શ્રદ્ધાન–જ્ઞાન–આચરણ તે મંગળ છે.

ૐ=ઓમ, શુદ્ધાત્મા; તીર્થંકર–કેવળી ભગવાનની દિવ્ય વનિ; પંચ પરમેષ્ઠી.



**પ્ર.** ધારણા કોને કહે છે ?

**ઉ.** જે જ્ઞાનથી જાણેલા પદાર્થમાં કાળાન્તરમાં સંશય તથા વિસ્મરણ ન થાય તેને ધારણા કહે છે.

**પ્ર.** મતિજ્ઞાનના વિષયભૂત પદાર્થોના કેટલા ભેદ છે ?

**ઉ.** બે છે. વ્યક્ત અને અવ્યક્ત.

**પ્ર.** અવગ્રહાદિક જ્ઞાન બન્નેય પ્રકારના પદાર્થોમાં થઈ શકે છે ?

**ઉ.** વ્યક્ત (પ્રગટરૂપ) પદાર્થમાં અવગ્રહાદિક ચારે જ્ઞાન હોય છે, પરંતુ અવ્યક્ત (અપ્રગટરૂપ) પદાર્થનું માત્ર અવગ્રહજ્ઞાન જ હોય છે.

**પ્ર.** અર્થાવગ્રહ કોને કહે છે ?

ઉ. અવગ્રહ જ્ઞાનથી જાણેલા પદાર્થના વિશેષમાં ઉત્પન્ન થયેલા સંશયને દૂર કરતા એવા અભિલાષસ્વરૂપ જ્ઞાનને ઇહા કહે છે. જેમકે –તે ઠાકુરદાસજી છે. આ જ્ઞાન એટલું કમજોર છે કે કોઇપણ પદાર્થની ઇહા થઇને છૂટી જાય, તો તેના વિષયમાં કાળાન્તરમાં સંશય અને વિસ્મરણ થઇ જાય છે.

પ્ર. અવાય કોને કહે છે ?

ઉ. ઇહાથી જાણેલા પદાર્થમાં આ તે જ છે, અન્ય નથી—એવા દૃઢ જ્ઞાનને અવાય કહે છે. જેમકે–તે ઠાકુરદાસજી જ છે, બીજો કોઇ નથી. અવાયથી જાણેલા પદાર્થમાં સંશય તો થતો નથી, પરંતુ વિસ્મરણ થઇ જાય છે.



**શ્રી**=કેવળજ્ઞાનરૂપી આત્મલક્ષ્મી, **હ્રીં**=ચોવીશ તીર્થંકર.

**સ્વસ્તિ**=અવિનાશી કલ્યાણ થાઓ એવા આશીર્વાદ.

**સ્વસ્તિક**=સાથિયો, ચાર ગતિમાં ભ્રમણનો નાશ કરનાર.

**અનંતચતુષ્ટય**=અનંતદર્શન–જ્ઞાન–સુખ અને વીર્ય (–બળ).

**હેય**=ત્યાગવાયોગ્ય દ્રવ્યની અશુધ્ધતા–અશુધ્ધ પર્યાય

**જ્ઞેય**=સમ્યકજ્ઞાનમાં જણાવા યોગ્ય–છ જાતિના દ્રવ્યો સાધક–બાધકભાવ વગેરે. તેમા ત્રિકાળી પૂર્ણ-એકરૂપ નિજ નિશ્ચય પરમાત્મા તો નિશ્ચય જ્ઞેય છે અને પર–પરાશ્રય–ભેદ તે વ્યવહાર જ્ઞેય છે.

**ઉપાદેય**=આદરવાયોગ્ય; ગ્રહણ કરવા યોગ્ય તેમાં (૧) સંવર–નિર્જરા–મોક્ષદશા પ્રગટ કરવા યોગ્યના અર્થમાં (૨) ત્રિકાળી એકરૂપ નિજ નિશ્ચય પરમાત્મ દ્રવ્ય તે આશ્રય કરવાના અર્થમાં ઉપાદેય છે (૩) બાકી બધું જાણવાના અર્થમાં ઉપાદેય છે.

ॐ

# લઘુ જૈન સિદ્ધાન્ત પ્રવેશિકા

## (પ્રથમ ભાગ)

ણમો અરહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઇરિયાણં, ણમો ઉવજ્ઝાયાણં, ણમો લોએ સવ્વસાહૂણં.

## પ્રશ્નોત્તર

વિશ્વ કોને કહે છે?

જાતિ પણે છ દ્રવ્યોના સમૂહને વિશ્વ કહે છે.

[વિશ્વ-સમસ્ત પદાર્થો-દ્રવ્ય, ગુણ, પર્યાય.]

(પ્રવચનસાર ગા. ૧૨૪ની ફુટ નોટ]





પ્ર. પરોક્ષ મતિજ્ઞાનના કેટલા ભેદ છે?

ઉ. ચાર છે. સ્મૃતિ, પ્રત્યભિજ્ઞાન, તર્ક અને અનુમાન

પ્ર. મતિજ્ઞાનના બીજી રીતે કેટલા ભેદ છે?

ઉ. ચાર છે. અવગ્રહ, ઇહા, અવાય અને ધારણા.

પ્ર. અવગ્રહ કોને કહે છે?

ઉ. ઇન્દ્રિય અને પદાર્થના યોગ્ય સ્થાનમાં (મૌજૂદ સ્થાનમાં) રહેવાથી સામાન્ય-પ્રતિભાસરૂપ દર્શનની પછી અવાન્તર-સત્તાસહિત વિશેષ વસ્તુના જ્ઞાનને અવગ્રહ કહે છે. જેમકે આ મનુષ્ય છે.

પ્ર. ઇહાજ્ઞાન કોને કહે છે?

પ્ર. લોકની મોટાઈ, ઊંચાઇ અને પહોળાઇ કેટલી છે?

ઉ. લોકની મોટાઇ ઉત્તર અને દક્ષિણ દિશામાં સર્વ જગ્યાએ સાત રાજુ છે. પહોળાઈ પૂર્વ અને પશ્ચિમ દિશામાં મૂળમાં (નીચે જમીનમાં) સાત રાજૂ છે. અને ઉપર અનુક્રમે ઘટીને સાત રાજૂની ઊંચાઇ ઉપર પહોળાઇ એક રાજૂ છે. પછી અનુક્રમે વધીને સાડા દશ રાજૂની ઊંચાઈ ઉપર પહોળાઇ પાંચ રાજૂ છે. પછી અનુક્રમે ઘટીને ચૌદ રાજૂ ઊંચાઇ ઉપર એક રાજૂ પહોળાઇ છે. અને ઊર્ધ્વ તથા અધો દિશામાં ઊંચાઇ ચૌદ રાજૂની છે.

પ્ર. મતિજ્ઞાનના કેટલા ભેદ છે?

ઉ. બે છે. સાંવ્યવહારિક પ્રત્યક્ષ અને પરોક્ષ.



છ દ્રવ્યના નામ–જીવ, પુદ્ગળ ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. સદા આ છ દ્રવ્ય જ વિશ્વ છે. તેમાંથી કદી ઓછા–વધતા થતા નથી.

૧ દ્રવ્ય કોને કહે છે?

૧ ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે. (પોતાના ગુણ પર્યાયનો પિંડ દ્રવ્ય છે)

૨ ગુણ કોને કહે છે?

૨ જે દ્રવ્યના સર્વ ભાગોમાં અને તેની સર્વ અવસ્થાઓમાં રહે તેને ગુણ કહે છે.

૩ પર્યાય કોને કહે છે?

૩ ગુણોના વિશેષ કાર્યને (પરિણમનને) પર્યાય કહે છે.

૪ ગુણોના કેટલા ભેદ છે?

૪ બે ભેદ છે—૧ સામાન્ય, ૨ વિશેષ.

૫ સામાન્ય ગુણ કોને કહે છે?

૫ જે, સર્વ દ્રવ્યોમાં વ્યાપે તેને સામાન્ય ગુણ કહે .

૬ વિશેષ ગુણ કોને કહે છે ?

૬ જે, સર્વ દ્રવ્યોમાં ન વ્યાપે, પોતે પોતાના દ્રવ્યમાં રહે તેને વિશેષ ગુણ કહે છે.

૭ સામાન્ય ગુણ કેટલા છે ?

૭ અનેક છે, પરંતુ તેમાં મુખ્ય ૬ છે–
૧. અસ્તિત્વ, ૨. વસ્તુત્વ, ૩. દ્રવ્યત્વ, ૪. પ્રમેયત્વ, ૫. અગુરુલઘુત્વ, ૬. પ્રદેશત્વ.

૮ અસ્તિત્વ ગુણ કોને કહે ?

૮ જે શક્તિના કારણે દ્રવ્યનો કદી પણ નાશ ન થાય, કોઈથી ઉત્પન્ન પણ ન થાય તેને અસ્તિત્વ ગુણ કહે છે.

૯ વસ્તુત્વ ગુણ કોને કહે છે ?

૯ જે શક્તિના કારણથી દ્રવ્યમાં અર્થક્રિયા કરવાપણું હોય તેને વસ્તુત્વ ગુણ કહે છે. જેમકે ઘડાની અર્થક્રિયા જળ-ધારણ, આત્માની અર્થક્રિયા જાણવું વગેરે



તત્ત્વાર્થસાર પૃ ૩૭, ૯૫, ૧૬૪, ૧૬૬, ૧૭૯, ૧૮૨, ૧૮૩, ૨૮૪, ૨૮૬, ૩૦૫, ૩૦૯.

"યોગ્યતા એવ શરણં"

તત્ત્વાર્થ શ્લોકવાર્તિક પૃ. ૨૩૦, ૨૪૯, સંસ્કૃત પરીક્ષામુખ દ્વિ. અ. સૂ. ૯.

ગોમ્મટસાર કર્મકાંડ ગા. ૫૨, ૧૯૦, ૨૮૬,

પૂજ્યપાદાચાર્યકૃત સમાધિશતક ગા. ૬૭ની સૂચનિકામાં શ્રી પ્રભાચંદ્રાચાર્યે કહ્યું છે કે××ત્યારે તેઓને મુક્તિની યોગ્યતા પ્રાપ્ત થાય છે. પંચાધ્યાયીમાં પંડિત

ફૂલચંદજી સિદ્ધાન્ત શાસ્ત્રીએ પ્રસ્તાવના પૃ. ૨૪, ૨૭, ૩૮, ૪૦, ૪૪, ૪૬, તથા અધ્યાય-૨ પૃ. ૧૫૪-૫૭થી ૧૬૫, ૧૭૨-૭૩, ૨૧૦-૧૧, ૨૯૪, ૩૦૪, ૩૦૬.

# પરિશિષ્ટ

"યોગ્યતા" શબ્દ શાસ્ત્રમાં ક્યાં છે તેનો આધાર :–

પ્રવચનસાર ગા. ૪૪, ૧૬૭, ૧૬૮, ૧૬૯, ટીકા.

સમયસાર ગા. ૧૩, ૨૭૫, ૩૧૮, ૩૭૩, ટીકા.
નિયમસાર ગા. ૬૩ ટીકા.
પંચાસ્તિકાય ગા. ૬૪, ૬૮, ૯૯, ટીકા.
ઇષ્ટોપદેશ ગા. ૩૫ ટીકા. તથા ગા. ૨ મૂળમાં ('યોગ્યોપાદાન યોગેન')
અષ્ટસહસ્રી પૃ ૨૫૬ શ્લોક ૮ ટીકા.
અષ્ટશતી પૃ. ૪૦ શ્લોક ૮૮ ટીકા.
પ્રમેય કમલમાર્તણ્ડ પૃ. ૨૦૫ "યોગ્યતા એવ શરણં" ।

પ્રમાણ પરીક્ષા પૃ. ૫૨ (બે વાર) પૃ.૬૭(ચારવાર)

તત્વાર્થ સૂત્રજી અધ્યાય ૮, સૂત્ર ૨.



૧૦ દ્રવ્યત્વ ગુણ કોને કહે છે ?

૧૦ જે શક્તિના કારણથી દ્રવ્યની અવસ્થાઓ નિરન્તર બદલ્યા કરે છે તેને દ્રવ્યત્વગુણ કહે છે.

૧૧ પ્રમેયત્વગુણ કોને કહે છે ?

૧૧ જે, શક્તિના કારણથી દ્રવ્ય કોઇ ને કોઇ જ્ઞાનનો વિષય હોય તેને પ્રમેયત્વગુણ કહે છે.

૧૨ અગુરુલઘુત્વ ગુણ કોને કહે છે ?

૧૨ જે, શક્તિના કારણથી દ્રવ્યની દ્રવ્યતા કાયમ રહે અર્થાત્ (૧) એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે ન થાય, (૨) એક ગુણ બીજા ગુણ રૂપે ન થાય અને (૩) એક દ્રવ્યના અનેક અથવા અનંત ગુણ વિખરાઇને જુદા જુદા ન થઇ જાય, તે શક્તિને અગુરુલઘુત્વગુણ કહે છે.

૧૩ પ્રદેશત્વ ગુણ કોને કહે છે ?

૧૩ જે, શક્તિના કારણે દ્રવ્યનો કોઇને કોઇ આકાર અવશ્ય હોય, તેને પ્રદેશત્વગુણ કહે છે.

૧૪ દ્રવ્યના કેટલા ભેદ છે?

૧૪ છ ભેદ છે-જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ આકાશ અને કાળ.

૧૫ પ્રત્યેક દ્રવ્યમાં કયા કયા વિશેષ ગુણ છે?

૧૫ જીવ દ્રવ્યમાં ચૈતન્ય (-દર્શન-જ્ઞાન), સમ્યક્ત્વ, ચારિત્ર, સુખ *ક્રિયાવતી શક્તિ વગેરે. પુદ્ગલ દ્રવ્યમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, ક્રિયાવતી શક્તિ વગેરે. ધર્મ દ્રવ્યમાં ગતિહેતુત્વ વગેરે. અધર્મ દ્રવ્યમાં સ્થિતિહેતુત્વ વગેરે. આકાશ દ્રવ્યમાં

---

* ક્રિયાવતીશક્તિ—જીવ અને પુદ્ગલમાં પોતાપોતાની ક્રિયાવતી શક્તિ નામનો ગુણ નિત્ય છે અને પોતપોતાની યોગ્યતાનુસાર કોઇ વાર ગતિ-ક્ષેત્રાન્તરરૂપ પર્યાય થાય છે, કોઇ વાર સ્થિર રહેવારૂપ પર્યાય થાય છે. કોઇ અન્ય દ્રવ્ય (જીવ કે પુદ્ગલ,) એકબીજાને ગમન કે સ્થિર કરાવી શકતા નથી પણ તે બન્ને દ્રવ્ય પોતપોતાની ક્રિયાવતી શક્તિની તે સમયની યોગ્યતા પ્રમાણે પોતાથી ગમન કરે છે કે સ્થિર થાય છે.



ભવ્ય સ્વભાવ છે અને (૨) ત્રણેકાળે પર સ્વરૂપાકાર ન થવું. નિશ્ચયે અચલિત રહેવું તે અભવ્ય સ્વભાવ છે. (મોટી આલા પૃ-૯૫-૯૬)

જિનધર્મ, જિનવચન, * જિનપ્રતિમા અને જિનમંદિર એ નવ દેવ છે.

ભવ્યત્વ-અભવ્યત્વ નામે જે સામાન્ય સ્વભાવ છે તે છયે દ્રવ્યોમાં છે તેમાં સ્વચતુષ્ટયપણે હોવું તે ભવ્યત્વ અને પર ચતુષ્ટયપણે ન થવું તે અભવ્ય સ્વભાવ છે. (અહીં ચતુષ્ટય-દ્રવ્ય ક્ષેત્રકાળ અને ભાવ)

આલાપ પદ્ધતિ ગ્રન્થમાં ભવ્ય અભવ્યા સ્વભાવની વ્યાખ્યા (?) ભાવિકાળે પરસ્વરૂપાકાર-વિભાવવ્યંજન પર્યાયરૂપે થવાની જેમાં જ્યાં લગી યોગ્યતા છે તે

---

* શૃંગારાદિ દોષ રહિત અને સાક્ષાત્ જિનેશ્વર સમાન હોય એવી જ વીતરાગ દેવની પ્રતિમાને સમ્યગ્જ્ઞાની જિનપ્રતિમા માને છે.



અવગાહનહેતુત્વ વગેરે. કાળદ્રવ્યમાં પરિણમન-હેતુત્વ વગેરે.

૧૬. જીવ દ્રવ્ય કોને કહે છે ?

૧૬ જેમાં ચેતના અર્થાત્ જ્ઞાન-દર્શનરૂપ શક્તિ છે તેને જીવ દ્રવ્ય કહે છે (જીવ=આત્મા)

૧૭ પુદ્‌ગલના દ્રવ્ય કોને કહે છે ?

૧૭ જેમાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ એ ગુણો હોય તેને પુદ્‌ગલ દ્રવ્ય કહે છે.

૧૮ પુદ્‌ગલના કેટલા ભેદ છે ?

૧૮ બે ભેદ છે-પરમાણુ અને સ્કંધ.

૧૯ પરમાણુ કોને કહે છે ?

૧૯ જેનો બીજો ભાગ થઇ શકતો નથી એવા સૌથી નાના પુદ્‌ગલને પરમાણુ કહે છે.

૨૦ સ્કંધ કોને કહે છે ?

૨૦ બે કે બેથી અધિક પરમાણુઓના બંધને સ્કંધ કહે છે.

૨૧ બંધ કોને કહે છે ?
૨૧ જે સંબંધ વિશેષથી અનેક વસ્તુમાં એકપણાનું જ્ઞાન થાય તે સંબંધ વિશેષને બંધ કહે છે.
૨૨ સ્કંધના કેટલા ભેદ છે ?
૨૨ આહારવર્ગણા, તૈજસવર્ગણા, ભાષાવર્ગણા, મનોવર્ગણા, કાર્માણવર્ગણા, આદિ ૨૨ ભેદ છે.
૨૩ આહાર વર્ગણા કોને કહે છે ?
૨૩ જે ઔદારિક વૈક્રિયક અને આહારક એ ત્રણ શરીરરૂપે પરિણમે તેને આહારવર્ગણા કહે છે.
૨૪ તૈજસવર્ગણા કોને કહે છે ?
૨૪ જે વર્ગણાથી તૈજસ શરીર બને છે તેને તૈજસવર્ગણા કહે છે.
૨૫ ભાષાવર્ગણા કોને કહે છે ?
૨૫ જે વર્ગણા શબ્દરૂપે પરિણમે, તેને ભાષાવર્ગણા કહે છે.
૨૬ મનોવર્ગણા કોને કહે છે ?
૨૬ જે વર્ગણાથી (પુદ્ગલ સ્કંધથી) અષ્ટદલકમળના આકારે દ્રવ્યમનની રચના થાય, તેને મનોવર્ગણા કહે છે.



(હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ રૂપ આત્માની અશુધ્ધ પરિણતિને નોકષાય કહે છે.).

૧૫૩ યોગ કોને કહે છે ?

૧૫૩ મન, વચન, કાયના આલંબનથી આત્માના પ્રદેશોનું પરિસ્પંદન થવું તેને યોગ કહે છે. (યોગગુણની અશુધ્ધ પર્યાયમાં—કંપનપણાને દ્રવ્યયોગ અને કર્મ, નોકર્મના ગ્રહણમાં નિમિત્તરૂપ યોગ્યતાને ભાવયોગ કહે છે.

૧૫૪ નવ દેવ કયા કયા છે ?

૧૫૪ અરહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સર્વસાધુ,

ભૂમિકાનુસાર સ્વરૂપમાં અસાવધાની; તથા (૨) મુનિદશામાં છઠ્ઠા ગુણસ્થાન વખતે નિરતિચાર ચારિત્ર પાળવામાં કંઈક અનુત્સાહ અથવા સ્વરૂપની અસાવધાનીને પ્રમાદ કહે છે.

૧૫૧ પ્રમાદના કેટલા ભેદ છે?

૧૫૧ પંદર ભેદ છે. વિકથા–૪ (સ્ત્રીકથા, રાષ્ટ્રકથા, ભોજનકથા, રાજકથા), કષાય–૪ (ક્રોધ, માન, માયા, લોભ), પાંચ ઇન્દ્રિયોના ૫ વિષય, ૧ નિદ્રા અને ૧ પ્રણય (–સ્નેહ)

૧૫૨ કષાય કોને કહે છે?

૧૫૨ મિથ્યાત્વ તથા ક્રોધ, માન, માયા, લોભરૂપ આત્માની અશુદ્ધ પરિણતિને કષાય કહે છે.



૨૭ કાર્માણવર્ગણા કોને કહે છે ?

૨૭ જે વર્ગણા (પુદ્ગલ સ્કંધ) થી કાર્માણ–શરીર બને તેને કાર્માણવર્ગણા કહે છે.

૨૮ શરીર કેટલાં છે ?

૨૮ શરીર પાંચ છે—ઔદારિક, વૈક્રિયક, આહારક, તૈજસ અને કાર્માણ.

૨૯ ઔદારિક શરીર કોને કહે છે ?

૨૯ મનુષ્ય અને તિર્યંચના (–પશુના) સ્થૂળ શરીરને ઔદારિક શરીર કહે છે.

૩૦ વૈક્રિયક શરીર કોને કહે છે ?

૩૦ જે, નાના–મોટા, પૃથક્ અપૃથક્ આદિ અનેક ક્રિયાઓ કરે એવા દેવ અને નારકીઓના શરીરને વૈક્રિયક શરીર કહે છે.

૩૧ આહારક શરીર કોને કહે છે?

૩૧ આહારક ઋધ્ધિધારી છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિને તત્ત્વોમાં કોઈ શંકા થતાં અથવા જિનાલય આદિની વંદના કરવા માટે મસ્તકમાંથી એક હાથ

પ્રમાણ સ્વચ્છ અને સફેદ, સાત ધાતુ રહિત પુરુષાકાર જે પુતળું નીકળે છે તેને આહારક શરીર કહે છે.

૩૨ તૈજસ શરીર કોને કહે છે?

૩૨ ઔદારિક, વૈક્રિયક અને આહારક એ ત્રણ શરીરોમાં કાન્તિ ઉત્પન્ન થવામાં નિમિત્ત છે તે શરીરને તૈજસ શરીર કહે છે.

૩૩ કાર્માણ શરીર કોને કહે છે?

૩૩ આઠ કર્મોના સમૂહને કાર્માણ શરીર કહે છે.

૩૪ એક જીવને એક સાથે કેટલાં શરીર હોઇ શકે?

૩૪ એક જીવને એક સાથે ઓછામાં ઓછા બે અને વધારેમાં વધારે ચાર શરીર હોય છે. ખુલાસો આ રીતે છે–વિગ્રહ ગતિમાં તૈજસ અને કાર્માણ, મનુષ્ય અને તિર્યંચને ઔદારિક, તૈજસ અને કાર્માણ, દેવ તથા નારકીઓને વૈક્રિયક, તૈજસ અને કાર્માણ તથા આહારક ઋધ્ધિધારી મુનિ-



(૨) હિંસાદિક પાપોમાં તથા પાંચ ઇંદ્રિય અને મનના વિષયોમાં પ્રવૃત્તિ કરવાને અવિરતિ કહે છે.

૧૪૯ અવિરતિના કેટલા ભેદ છે?

૧૪૯ બાર ભેદ છે. છ કાયના જીવોની હિંસાના ત્યાગરૂપ ભાવ ન કરવો તથા પાંચ ઇન્દ્રિય અને મનના વિષયોમાં પ્રવૃત્તિ કરવી એ રીતે અવિ-રતિના ૧૨ ભેદ છે.

૧૫૦ પ્રમાદ કોને કહે છે?

૧૫૦ (૧) અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન અને સંજ્વલન કષાયના ઉદયમાં જોડાવાથી

૧૪૬ વિપર્યય કોને કહે છે ?

૧૪૬ 'આમ જ છે'—એ રીતે વસ્તુસ્વરૂપથી વિરુદ્ધ એકરૂપ જ્ઞાન હોય તેને વિપર્યય કહે છે. જેમ કે હું શરીર છું.

૧૪૭ અનધ્યવસાય કોને કહે છે ?

૧૪૭ 'કાંઇક છે' એ પ્રકારના નિશ્ચય રહિત જ્ઞાનને અનધ્યવસાય કહે છે. જેમ કે હું કોઇક છું.

૧૪૮ અવિરતિ કોને કહે છે ?

૧૪૮ (૧) ચારિત્ર સમ્બન્ધી નિર્વિકાર સ્વસંવેદનથી વિપરીત અવ્રતપરિણામરૂપ વિકારને અવિરતિ કહે છે.



એોને ઔદારિક, આહારક, તૈજસ અને કાર્માણ શરીર હોય છે.

૩૫ ધર્મદ્રવ્ય કોને કહે છે ?

૩૫ જે, સ્વયં ગતિ કરતાં જીવ અને પુદ્‌ગલને ગતિ કરવામાં નિમિત્ત હોય તેને ધર્મદ્રવ્ય કહે છે, જેમ ગતિ કરતી માછલીને ગતિ કરવામાં પાણી.

૩૬ અધર્મ દ્રવ્ય કોને કહે છે ?

૩૬ સ્વયં ગતિપૂર્વક સ્થિતિરૂપ પરિણમતા જીવ અને પુદ્‌ગલને સ્થિર થવામાં જે નિમિત્ત હોય તેને અધર્મદ્રવ્ય કહે છે. જેમ મુસાફરોને સ્થિર થવા માટે ઝાડનો છાંયો.

૩૭ આકાશ દ્રવ્ય કોને કહે છે ?

૩૭ જે જીવાદિ પાંચે દ્રવ્યોને રહેવા માટે જગ્યા આપે તેને આકાશદ્રવ્ય કહે છે. આકાશદ્રવ્ય સર્વવ્યાપક છે, સર્વત્ર છે.

૩૮ આકાશના કેટલા ભેદ છે ?

૩૮ આકાશ એક જ અખંડ દ્રવ્ય છે. લોકાકાશ તથા અલોકાકાશ તેના ભેદ છે.

૩૯ લોકાકાશ કોને કહે છે?

૩૯ જ્યાં સુધી જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને કાળ એ સમસ્ત દ્રવ્યો છે ત્યાં સુધીના આકાશને લોકાકાશ કહે છે.

[લોકની મોટાઇ, ઊંચાઇ–પહોળાઇ માટે જુઓ પૃ. ૯૨ પરિશિષ્ટ]

૪૦ અલોકાકાશ કોને કહે છે ?

૪૦ લોકાકાશની બહારના અનંત આકાશને અલોકાકાશ છે.

૪૧ કાળદ્રવ્ય કોને કહે છે ?

૪૧ પોતપોતાની અવસ્થારૂપે સ્વયં પરિણમતા જીવાદિ દ્રવ્યોના પરિણમનમાં જે નિમિત્ત હોય તેને કાળદ્રવ્ય કહે છે જેમ કે કુંભારના ચાકને ફરવા માટે લોઢાનો ખીલો.

૪૨ કાળદ્રવ્યના કેટલા ભેદ છે ?

૪૨ બે ભેદ છે. નિશ્ચયકાળ અને વ્યવહારકાળ



૧૪૩ વિનય મિથ્યાત્વ કોને કહે છે ?

૧૪૩ સમસ્ત દેવ અને સર્વ મતોમાં સમદર્શીપણાને વિનય મિથ્યાત્વ કહે છે.

૧૪૪ મિથ્યાજ્ઞાન કોને કહે છે ?

૧૪૪ પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોને યથાર્થ ન જાણવા તેને મિથ્યાજ્ઞાન કહે છે. તે મિથ્યાજ્ઞાનથી તેના જાણવામાં સંશય, વિપર્યય અને અનધ્યવસાય (–અનિશ્ચય) હોય છે.

૧૪૫ સંશય કોને કહે છે ?

૧૪૫ 'આ આમ છે કે આમ છે' એ રીતે પરસ્પર વિરુદ્ધતા સહિત બે પ્રકારના જ્ઞાનને સંશય કહે છે. જેમ કે હું આત્મા છું કે શરીર.

૧૪૧ સંશય મિથ્યાત્વ કોને કહે છે?

૧૪૧ 'ધર્મનું સ્વરૂપ આમ છે કે આમ છે? એવા પરસ્પર વિરુધ્ધ બે પ્રકારના શ્રધ્ધાનને સશય-મિથ્યાત્વ કહે છે. જેમકે આ આત્મા પોતાના કાર્યનો કર્તા છે અથવા પરવસ્તુના કાર્યનો કર્તા છે? નિમિત્ત અને વ્યવહારના આલંબ થી ધર્મ થશે કે પોતાના શુધ્ધાત્માના આલંબનથી ધર્મ થશે? ઇત્યાદિ

૧૪૨ અજ્ઞાન મિથ્યાત્વ કોને કહે છે?

૧૪૨ જ્યાં હિત–અહિત વિવેકનો કાંઇ પણ સદ્‌ભાવ ન હોય, તેને અજ્ઞાન મિથ્યાત્વ કહે છે. જેમ કે પશુવધ અથવા પાપને ધર્મ સમજવો.



૪૩ નિશ્ચયકાળ કોને કહે છે?

૪૩ કાળ દ્રવ્યને નિશ્ચયકાળ કહે છે. લોકાકાશના એકેક પ્રદેશ ઉપર એકેક કાળદ્રવ્ય (કાલાણું) સ્થિત છે.

૪૪ વ્યવહારકાળ કોને કહે છે?

૪૪ વર્ષ, મહિના, દિવસ, ઘડી, પળ વગેરેને વ્યવહાર-કાળ કહે છે. (તે કાળદ્રવ્યની પર્યાય છે.)

૪૫ જીવાદ દ્રિવ્ય કેટ કેટલા છે અને ક્યાં રહે છે?

૪૫ જીવ દ્રવ્ય અનંતાનંત છે અને સમસ્ત લોકાકાશમાં ભરેલાં છે. જીવ દ્રવ્યથી અનંતગુણા અધિક પુદ્‌ગલદ્રવ્ય છે અને તે સંપૂર્ણ લોકમાં ભરેલા છે. ધર્મ અને અધર્મદ્રવ્ય એકેક છે અને સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત છે. આકાશદ્રવ્ય એક છે અને લોક તથા અલોકમાં વ્યાપ્ત છે. કાળદ્રવ્ય અસંખ્યાત છે અને સમસ્ત લોકાકાશમાં વ્યાપ્ત છે.

૪૬ પ્રત્યેક જીવ કેવડો મોટો છે?

૪૬ પ્રત્યેક જીવ પ્રદેશોની સંખ્યાની અપેક્ષાએ લોકા-કાશની બરાબર અસંખ્ય પ્રદેશવાળો છે પરન્તુ

સંકોચ–વિસ્તારના કારણે પોતાના શરીર પ્રમાણ છે અને મુક્ત જીવ અંતના શરીર પ્રમાણ છે.

૪૭ લોકાકાશ બરાબર કયો જીવ થાય છે ?

૪૭ મોક્ષ જતાં પહેલાં કેવળીસમુદ્ઘાત કરનાર જીવ લોકાકાશ જેવડો મોટો થાય છે.

૪૮ સમુદ્ઘાત કોને કહે છે ?

૪૮ મૂળ શરીરને છોડ્યા વિના આત્માના પ્રદેશોનું બહાર નીકળવું તેને સમુદ્ઘાત કહે છે અને એ પ્રદેશત્વ ગુણની પર્યાય છે.

૪૯ અસ્તિકાય કોને કહે છે ?

૪૯ બહુપ્રદેશી દ્રવ્યને અસ્તિકાય કહે છે.

૫૦ કેટલા દ્રવ્ય અસ્તિકાય છે ?

૫૦ જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશ એ પાંચ દ્રવ્ય અસ્તિકાય છે.

૫૧ કાળદ્રવ્ય અસ્તિકાય કેમ નથી ?

૫૧ કાળદ્રવ્ય એકપ્રદેશી છે તેથી તે અસ્તિકાય નથી.

૫૨ પુદ્ગલ પરમાણું પણ એકપ્રદેશી છે તો પણ તે અસ્તિકાય કેવી રીતે છે ?



માનવો; ગુણ–ગુણીનો સર્વથા ભેદ કે અભેદ જ માનવો ઇત્યાદિ.

૧૪૦ વિપરીત મિથ્યાત્વ કોને કહે છે ?

૧૪૦ આત્માના સ્વરૂપને અન્યથા માનવાની રુચિને વિપરીત મિથ્યાત્વ કહે છે. જેમ કે—

(૧) શરીરને આત્મા માનવો; વસ્ત્ર, પાત્રાદિ સહિતને નિર્ગ્રંથગુરુ માનવા, સ્ત્રીનું શરીર હોવા છતાં તેને મુનિદશા અને મોક્ષ માનવો.

(૨) કેવળી ભગવાનને કવળાહાર, રોગ, ઉપસર્ગ વસ્ત્ર, પાત્ર, પાટાદિ સહિત અને ક્રમિક ઉપ-યોગવાળા માનવા,

(૩) પુણ્યથી અર્થાત્ શુભરાગથી તથા નિમિતથી સાચો ધર્મ માનવો.

૧૩૭ મિથ્યાત્વ કોને કહે છે ?

૧૩૭ પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોના અન્યથા શ્રધ્ધાનને અને અદેવ (કુદેવ)માં દેવપણું માનવું, અતત્ત્વમાં તત્વ માનવું, અધર્મ (કુધર્મ)માં ધર્મ માનવો ઇત્યાદિ વિપરીત શ્રધ્ધાનને મિથ્યાત્વ કહે છે.

૧૩૮ મિથ્યાત્વના કેટલા ભેદ છે ?

૧૩૮ પાંચ ભેદ છે—એકાંત, વિપરીત, સંશય, અજ્ઞાન અને વિનય.

૧૩૯ એકાંત મિથ્યાત્વ કોને કહે છે?

૧૩૯ આત્મા, પરમાણુ આદિ સર્વ પદાર્થોનું સ્વરૂપ પોતપોતાના અનેક ધર્મોથી પરિપૂર્ણ હોવા છતાં પણ તેને સર્વથા એક જ ધર્મવાળું માનવું તેને એકાંત મિથ્યાત્વ કહે છે. જેમ કે આત્માને સર્વથા ક્ષણિક અથવા નિત્ય જ



૫૨ જોકે પુદ્દગલપરમાણું એકપ્રદેશી છે તો પણ તેનામાં સ્કંધરૂપે થઇને બહુપ્રદેશી થવાની શક્તિ છે તેથી ઉપચારથી તેને અસ્તિકાય કહેવામાં આવે છે.

૫૩ પ્રદેશ કોને કહે છે ?

૫૩ આકાશના જેટલા ભાગને એક પુદ્દગલપરમાણુ રોકે તેને પ્રદેશ કહે છે.

૫૪ કયા કયા દ્રવ્યને કેટલા પ્રદેશ છે ?

૫૪ જીવ, ધર્મ, અધર્મ અને લોકાકાશને અસંખ્યાત પ્રદેશ છે, કાળદ્રવ્ય અને પુદ્દગલપરમાણુ દ્રવ્ય એકેક પ્રદેશી છે.

(પુદ્દગલ દ્રવ્યને સંખ્યાત. અસંખ્યાત અને અનંત એમ ત્રણે પ્રકારના પ્રદેશ છે.)

૫૫ ઉત્પાદ કોને કહે છે ?

૫૫ દ્રવ્યમાં નવીન પર્યાયની ઉત્પત્તિને ઉત્પાદ કહે છે.

૫૬ વ્યય કોને કહે છે ?

૫૬ દ્રવ્યના પૂર્વ પર્યાયના ત્યાગને વ્યય કહે છે.

૫૭ ધ્રૌવ્ય કોને કહે છે ?

૫૭ પ્રત્યભિજ્ઞાનના કારણભૂત દ્રવ્યની કોઇ અવસ્થાની નિત્યતાને ધ્રૌવ્ય કહે છે.

૫૮ પર્યાયના કેટલા ભેદ છે ?

૫૮ વ્યંજનપર્યાય અને અર્થપર્યાય એમ બે ભેદ છે.

૫૯ વ્યંજન પર્યાય કોને કહે છે ?

૫૯ દ્રવ્યના પ્રદેશત્વગુણના વિકારને (પરિણમનને) વ્યંજનપર્યાય કહે છે.

૬૦ વ્યંજન પર્યાયના કેટલાક ભેદ છે ?

૬૦ બે ભેદ છે. સ્વભાવવ્યંજન પર્યાય અને વિભાવ-વ્યંજન પર્યાય.

૬૧ સ્વભાવવ્યંજન પર્યાય કોને કહે છે ?

૬૧ પર નિમિત્તના સંબંધ રહિત દ્રવ્યનો જે આકાર હોય તેને સ્વભાવવ્યંજન પર્યાય કહે છે જેમકે જીવની સિદ્ધ પર્યાય.

૬૨ વિભાવવ્યંજન પર્યાય કોને કહે છે ?



(૨) સમ્યગ્દર્શન નૈમિત્તિક છે અને સમ્યગ્જ્ઞાનીના ઉપદેશાદિ નિમિત્ત છે. (આત્માનુશાસન ગા. ૧૦ ની ટીકા)

(૩) સિધ્ધદશા નૈમિત્તિક છે અને પુદ્‌ગલ કર્મનો અભાવ નિમિત્ત છે. (સમયસાર ગા. ૮૩ ની ટીકા)

(૪) "જેવી રીતે અધઃકર્મથી ઉત્પન્ન અને ઉદ્દેશથી ઉત્પન્ન થયેલ નિમિત્તભૂત (આહારાદિ) પુદ્‌ગલદ્રવ્યનો ત્યાગ ન કરતો આત્મા (-મુનિ) નૈમિત્તિકભૂત બંધસાધક ભાવનું પ્રત્યાખ્યાન (ત્યાગ) કરતો નથી તેવી જ રીતે સમસ્ત પરદ્રવ્યનું પ્રત્યાખ્યાન ન કરતો આત્મા તેના નિમિત્તથી થવાવાળા ભાવને ત્યાગતો નથી." આમાં જીવનો બંધસાધકભાવ નૈમિત્તિક છે અને તે પરદ્રવ્ય નિમિત્ત છે.

(સમયસાર ગાથા ૨૮૬–૮૭ ની ટીકા)

૧૩૬ નિમિત્ત—નૈમિતિક સંબંધ કોને કહે છે?

૧૩૬ ઉપાદાન સ્વતઃ કાર્યરૂપે પરિણમે છે તે વખતે ભાવરૂપ કે અભાવરૂપ કયા ઉચિત (-યોગ્ય)* નિમિત કારણનો તેની સાથે સંબધ છે એ બતાવવાને માટે તે કાર્યને નૈમિન્તિક કહે છે. આ રીતે ભિન્ન પદાર્થોના સ્વતંત્ર સંબંધને નિમિત્ત—નૈમિત્તિક સંબંધ કહે છે.

(જુઓ * પ્રશ્ન ૧૩૨ 'નિમિત્ત')

[ નિમિત્ત—નૈમિત્તિક સંબંધ પરતંત્રતાનો સૂચક નથી પરંતુ નૈમિત્તિકની સાથે કયો નિમિત્તરૂપ પદાર્થ છે તેનું જ્ઞાન કરાવે છે. જે કાર્યને નૈમિત્તિક કહ્યું છે તેને જ ઉપાદાનની અપેક્ષાએ ઉપાદેય પણ કહે છે.]

નિમિત્ત—નૈમિત્તિક સંબંધના દૃષ્ટાંત :—

(૧) કેવળજ્ઞાન નૈમિત્તિક છે અને લોકાલોકરૂપ સર્વ જ્ઞેયો નિમિત્ત છે. (પ્રવચનસાર ગા. ૨૬ ની ટીકા)



૬૨ પર નિમિત્તના સમ્બંધથી દ્રવ્યનો જે આકાર થાય તેને વિભાવવ્યંજન પર્યાય કહે છે. જેમકે જીવની નર, નારકાદિ પર્યાય.

૬૩ અર્થ પર્યાય કોને કહે છે?

૬૩ પ્રદેશત્વગુણ સિવાય બાકીના બધાય ગુણોના વિકારને અર્થપર્યાય કહે છે.

૬૪ અર્થપર્યાયના કેટલા ભેદ છે?

૬૪ બે ભેદ છે—સ્વભાવઅર્થપર્યાય અને વિભાવઅર્થ-પર્યાય.
(અર્થપર્યાય=ગુણપર્યાય)

૬૫ સ્વભાવઅર્થપર્યાય કોને કહે છે?

૬૫ પર નિમિત્તના સમ્બન્ધ રહિત જે અર્થપર્યાય થાય તેને સ્વભાવઅર્થપર્યાય કહે છે. જેમકે જીવની કેવળજ્ઞાન પર્યાય.
(જ્ઞાનગુણની પૂર્ણ અવસ્થા=કેવળજ્ઞાન)

૬૬ વિભાવઅર્થપર્યાય કોને કહે છે?

૬૬ પર નિમિત્તના સમ્બન્ધથી જે અર્થપર્યાય થાય

તેને વિભાવઅર્થ પર્યાય કહે છે. જેમકે જીવના રાગ-દ્વેષાદિક.

૬૭ કયા કયા દ્રવ્યમાં કઈ કઇ પર્યાયો થાય છે?

૬૭ જીવ અને પુદ્ગલદ્રવ્યમાં સ્વભાવઅર્થપર્યાય, વિભાવઅર્થપર્યાય, સ્વભાવવ્યંજનપર્યાય અને વિભાવવ્યંજનપર્યાય એમ ચારે પર્યાયો થાય છે. ધર્મ, અધર્મ, આકાશ અને કાળદ્રવ્યમાં સ્વભાવઅર્થપર્યાય અને સ્વભાવવ્યંજનપર્યાય એમ ફક્ત બે પર્યાયો થાય છે.

૬૮ અનુજીવી ગુણ કોને કહે છે?

૬૮ ભાવસ્વરૂપી ગુણને અનુજીવી ગુણ કહે છે. જેમકે દર્શન-જ્ઞાનરૂપ ચેતના, સમ્યકત્વ, ચારિત્ર, સુખ, સ્પર્શ રસ, ગંધ અને વર્ણાદિ.

૬૯ પ્રતિજીવી ગુણ કોને કહે છે?

૬૯ વસ્તુના અભાવસ્વરૂપ ધર્મને પ્રતિજીવી ગુણ કહે છે. જેમકે નાસ્તિત્વ, અમૂર્તત્વ, અચેતનત્વ આદિ.



જીવને રાગ-દ્વેષ અધિક થાય છે-એ વાત સાચી છે?

૧૩૫ ના, કેમકે જગતમાં પુદ્ગલનો સંગ તો હંમેશા રહે છે; જો એની બળજોરીથી જીવને રાગાદિ વિકાર થાય તો શુદ્ધભાવરૂપ થવાનો કદી અવસર આવી શકે નહિ તેથી એમ સમજવું જોઇએ કે શુદ્ધ કે અશુધ્ધ પરિણમન કરવામાં ચેતન સ્વયં સમર્થ છે.

(સ. સાર નાટક સર્વવિશુધ્ધદ્વાર કાવ્ય ૬૧ થી ૬૬)

[નિમિત્તના કોઈ જગ્યાએ પ્રેરક અને ઉદાસીન એવા બે ભેદ કહ્યા હોય ત્યાં તે ગમન ક્રિયાવાળા અથવા ઇચ્છાવાળા છે કે નહિ એમ સમજાવવાને માટે છે પરંતુ ઉપાદાનને માટે તો સર્વ પ્રકારના નિમિત્ત ધર્માસ્તિકાયવત્ ઉદાસીન જ કહ્યા છે. જુઓ શ્રી પૂજ્યપાદાચાર્યકૃત ઇષ્ટોપદેશ ગા. ૩૫]

નથી પરંતુ કથન થાય છે. માટે ઉપાદાન સાચું કારણ છે અને નિમિત્ત આરોપિત કારણ છે.

૧૩૪ પુદ્દગલ કર્મ, યોગ, ઇન્દ્રિયોના ભોગ, ધન, ઘરના માણસો, મકાન ઇત્યાદિ આ જીવને રાગ–દ્વેષ પરિણામનાં પ્રેરક છે?

૧૩૪ છએ દ્રવ્ય સર્વ પોતપોતાના સ્વરૂપથી સદા અસહાય (–સ્વતંત્ર) પરિણમન કરે છે, કોઈ દ્રવ્ય કોઇનું પ્રેરક કદી નથી, તેથી કોઇ પણ પરદ્રવ્ય રાગ દ્વેષનું પ્રેરક નથી પરંતુ મિથ્યાત્વ મોહરૂપ મદિરાપાન છે તે જ (અનંતાનુબંધી) રાગ–દ્વેષનું કારણ છે.

૧૩૫ પુદ્દગલકર્મની જોરાવરીથી જીવને રાગ–દ્વેષ કરવા પડે છે, પુદ્દગલદ્રવ્ય કર્મોનો વેશ ધારણ કરીને જેમ જેમ બળ કરે છે તેમ તેમ



૭૦ જીવોના અનુજીવી ગુણ કયા છે ?

૭૦ ચેતના, સમ્યક્ત્વ (–શ્રદ્ધા), ચારિત્ર, સુખ, વીર્ય, ભવ્યત્વ, અભવ્યત્વ, જીવત્વ, વૈભાવિકત્વ, કર્તૃત્વ ઇત્યાદિ અનંત ગુણ છે.

૭૧ જીવના પ્રતિજીવી ગુણ કયા કયા છે ?

૭૧ અવ્યાબાધ, અવગાહનત્વ, અગુરુલઘુત્વ, સૂક્ષ્મત્વ ઇત્યિાદિ.

૭૨ ચેતના કોને કહે છે ?

૭૨ જેમાં પદાર્થોનો પ્રતિભાસ થાય તેને ચેતના કહે છે.

૭૩ ચેતનાના કેટલા ભેદ છે ?

૭૩ બે ભેદ છે–દર્શનચેતના અને જ્ઞાનચેતના

૭૪ દર્શનચેતના કોને કહે છે ?

૭૪ જેમાં પદાર્થોનો ભેદ રહિત સામાન્ય પ્રતિભાસ (અવલોકન) થાય તેને દર્શનચેતના કહે છે.

૭૫ જ્ઞાનચેતના કોને કહે છે ?

૭૫ જેમાં પદાર્થોનો વિશેષ પ્રતિભાસ થાય તેને જ્ઞાનચેતના કહે છે.

૭૬ દર્શનચેતનાના કેટલા ભેદ છે ?

૭૬ ચાર ભેદ છે—ચક્ષુદર્શન, અચક્ષુદર્શન, અવધિદર્શન અને કેવળદર્શન

૭૭ ચક્ષુદર્શન કોને કહે છે ?

૭૭ ચક્ષુ ઇન્દ્રિયદ્વારા થનાર મતિજ્ઞાન પહેલાંના સામાન્ય પ્રતિભાસને ચક્ષુદર્શન કહે છે.

૭૮ અચક્ષુદર્શન કોને કહે છે ?

૭૮ ચક્ષુ ઇન્દ્રિય સિવાય બાકીની ચાર ઇન્દ્રિય અને મન દ્વારા થનાર મતિજ્ઞાન પહેલાંના સામાન્ય પ્રતિભાસને અચક્ષુદર્શન કહે છે.

૭૯ અવધિદર્શન કોને કહે છે ?

૭૯ અવધિજ્ઞાનની પહેલાં થનાર સામાન્ય પ્રતિભાસને અવધિદર્શન કહે છે.

૮૦ કેવળદર્શન કોને કહે છે ?

૮૦ કેવળજ્ઞાનની સાથે થવાવાળા સામાન્ય પ્રતિભાસને કેવળદર્શન કહે છે. આત્મા સ્વ—પરનો દર્શક અને સ્વ—પરનો જ્ઞાયક છે.



ભાવાર્થ :—ઉપાદાનનું કથન એક 'યોગ્યતા' શબ્દ દ્વારા જ થાય છે; ઉપાદાન પોતાની યોગ્યતાથી અનેક પ્રકારે પરિણમન કરે છે ત્યારે ઉપસ્થિત નિમિત્ત પર ભિન્ન ભિન્ન કારણપણાનો આરોપ (—ભેખ) આવે છે. ઉપાદાનની વિધિ નિર્વચન હોવાથી નિમિત દ્વારા આ કાર્ય થયું એમ વ્યવહારથી કહેવાય છે.

વિશેષાર્થ :—ઉપાદાન જ્યારે જેવું કાર્ય કરે છે ત્યારે તેવા કારણપણાનો આરોપ (—ભેખ) નિમિત ઉપર આવે છે. જેમ કોઈ વજ્રકાયવાળો પુરુષ સાતમા નરકને યોગ્ય મલિન ભાવ કરે તો વજ્રકાય શરીર ઉપર નરકના કારણપણાનો આરોપ **આવે** છે અને જો જીવ મોક્ષને યોગ્ય નિર્મળભાવ કરે તો તે જ નિમિત્ત પર મોક્ષના કારણપણાનો આરોપ **આવે** છે. આ રીતે ઉપાદાનના કાર્યાનુસાર નિમિત્તમાં કારણ-પણાનો ભિન્ન ભિન્ન આરોપ કરવામાં આવે છે. એથી એમ સિધ્ધ થાય છે કે નિમિત્તથી કાર્ય થતું

ચાલે છે એવી રીતે પ્રત્યેક કાર્ય ઉપાદાનની યોગ્યતા (-સામર્થ્ય)થી જ થાય છે. ૫.

બીજા પ્રશ્નનું સમાધાનઃ-

સબૈ વસ્તુ અસહાય જહ, તહ નિમિત્ત હૈ કૌન;
જ્યોં જહાજ પરવાહમેં, તિરે સહજ વિન પૌન. ૬

અર્થઃ- પ્રત્યેક વસ્તુ સ્વતંત્રતાથી પોતાની અવસ્થાને (-કાર્યને) પ્રાપ્ત કરે છે ત્યાં નિમિત્ત કોણ? જેમ વહાણ પ્રવાહમાં સહેજે જ પવન વિના જ તરે છે.

ભાવાર્થઃ- જીવ અને પુદ્દગલ દ્રવ્ય શુદ્ધ કે અશુદ્ધ અવસ્થામાં સ્વતંત્રપણે જ પોતાના પરિણામો કરે છે. અજ્ઞાની જીવ પણ સ્વતંત્રપણે નિમિત્તાધીન પરિણમન કરે છે. કોઇ નિમિત્ત તેને આધીન બનાવી શકતું નથી. ૬.

ઉપાદાન વિધિ નિર્વચન, હૈ નિમિત્ત ઉપદેશ;
વસે જુ જૈસે દેશમેં, કરે સુ તૈસે ભેષ. ૭



૮૧ દર્શન ક્યારે ઉત્પન્ન થાય છે?

૮૧ છદ્મસ્થ જીવોને જ્ઞાન પહેલાં અને કેવળજ્ઞાનીઓને જ્ઞાનની સાથે સાથે જ દર્શન (ઉપયોગ) થાય છે.

૮૨ જ્ઞાનચેતનાના કેટલા ભેદ છે?

૮૨ પાંચ ભેદ છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન.

૮૩ મતિજ્ઞાન કોને કહે છે?

૮૩ (૧) પરાશ્રયની બુદ્ધિ છોડીને, દર્શનઉપયોગપૂર્વક સ્વસન્મુખતાથી પ્રગટ થવાવાળા નિજ આત્માના જ્ઞાનને મતિજ્ઞાન કહે છે. (૨) ઇન્દ્રિય અને મન જેમાં નિમિત્તમાત્ર છે એવા જ્ઞાનને મતિજ્ઞાન કહે છે. (મતિજ્ઞાનના ભેદ માટે જુઓ પૃ. ૯૩ પરિશિષ્ટ)

૮૪ શ્રુતજ્ઞાન કોને કહે છે?

૮૪ મતિજ્ઞાનથી જાણેલા પદાર્થના સમ્બન્ધથી અન્ય પદાર્થને જાણવાવાળા જ્ઞાનને શ્રુતજ્ઞાન કહે છે. જેમકે—'ઘડો' શબ્દ સાંભળ્યા પછી ઉત્પન્ન થયેલ

કાંઠલો આદિરૂપે ઘડાનું જ્ઞાન. [આત્માની શુદ્ધ અનુભૂતિરૂપ શ્રુતજ્ઞાનને ભાવશ્રુત જ્ઞાન કહે છે.]

૮૫ અવધિજ્ઞાન કોને કહે છે ?

૮૫ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદાથી રૂપી પદાર્થોના સ્પષ્ટજ્ઞાનને અવધિજ્ઞાન કહે છે.

૮૬ મનઃપર્યયજ્ઞાન કોને કહે છે ?

૮૬ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવની મર્યાદાથી બીજાના મનમાં સ્થિત રૂપી વિષયનું સ્પષ્ટ જ્ઞાન થવું તેને મનઃપર્યયજ્ઞાન કહે છે. *

---

* [ શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાનથી સિદ્ધ થાય છે કે:—

પ્રત્યેક દ્રવ્યમાં ક્રમબદ્ધ (ક્રમ નિયમિત) પર્યાય થાય છે. આગળ–પાછળ થતી નથી.

ક્રમબદ્ધ, યોગ્યતા અને નિયતિના અર્થમાં સિદ્ધાન્તશાસ્ત્રી પં. ફૂલચંદ્રજી (વારાસણી) એ પંચાધ્યાયી શાસ્ત્રની ટીકા પૃ. ૧૬૨ અ૦ ૨ ગા૦ ૬૧ થી ૭૦માં



અર્થ :– જ્યાં નિજશક્તિરૂપ ઉપાદાન તૈયાર હોય ત્યાં નિમિત્ત હોય જ છે એવી ભેદજ્ઞાનપ્રમાણની વિધિ (–વ્યવસ્થા છે, આ સિધ્ધાંત કોઇ વીરલા જ સમજે છે. ૪.

ભાવાર્થ :– જ્યાં ઉપાદાનની યોગ્યતા હોય ત્યાં નિયમથી નિમિત્ત હોય છે, નિમિત્તની વાટ જોવી પડે એમ નથી, અને નિમિત્તને કોઇ મેળવી શકે છે એમ પણ નથી. નિમિત્તની રાહ જોવી પડે છે અથવા તેને હું લાવી શકું છું એવી માન્યતા પરપદાર્થમાં અભેદબુધ્ધિ અર્થાત્ અજ્ઞાનસૂચક છે. નિમિત્ત અને ઉપાદાન બન્ને અસહાયરૂપ છે એ તો મર્યાદા છે. ૪.

ઉપાદાન બલ જહં તહાં, નહીં નિમિત્તકો દાવ;<br>
એક ચક્રસોં રથ ચલૈ, રવિકો યહૈ સ્વભાવ ૫

અર્થ :– જ્યાં જુઓ ત્યાં સદા ઉપાદાનનું જ બળ છે, નિમિત્ત હોય છે પરંતુ નિમિત્તનો કાંઇપણ દાવ (–બળ) નથી. જેમ એક ચક્રથી સૂર્યનો રથ

જાણો. ઉપાદાનરૂપ નિશ્ચયકારણ જ્યાં હોય ત્યાં નિમિત્તરૂપ વ્યવહારકારણ હોય જ છે.

ભાવાર્થ :– (૧) ઉપાદાન તે નિશ્ચય અર્થાત્ સાચું કારણ છે, નિમિત્ત વ્યવહાર અર્થાત્ ઉપચાર કારણ છે સાચું કારણ નથી, તેથી તો તેને અહેતુવત્ કહ્યું છે. અને તેને ઉપચાર (–આરોપ) કારણ કેમ કહ્યું કે તે ઉપાદાનનું કાંઇ કાર્ય કરતું–કરાવતું નથી તોપણ કાર્યના વખતે તેની ઉપસ્થિતિને કારણે તેને ઉપચારમાત્ર કારણ કહ્યું છે.

(૨) સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનમાં લીનતાને મોક્ષમાર્ગ જાણો–એમ કહ્યું તેમાં શરીરાશ્રિત ઉપદેશ, ઉપવાસાદિક ક્રિયા અને શુભરાગરૂપ વ્યવહારને મોક્ષમાર્ગ ન જાણો તે વાત આવી જાય છે.

પ્રથમ પ્રશ્નનું સમાધાન :–

ઉપાદાન નિજ ગુણ જહાં, તહં નિમિત્ત પર હોય;
ભેદજ્ઞાન પરમાણ વિધિ, વિરલા બૂઝે કોઇ. ૪



૮૭ કેવળજ્ઞાન કોને કહે છે ?

૮૭ જે ત્રણકાળની સર્વ પદાર્થોને (* અનંત ધર્મો-

---

કહ્યું છે કે :–'નિયતિનો અર્થ એમ છે કે તે કાર્યરૂપ થવાની યોગ્યતા ક્રમબદ્ધ અને નિયમિત છે.'

સત્ અર્થાત્ સ્વતંત્ર અસ્તિપણું દ્રવ્યનું લક્ષણ હોવાથી દ્રવ્ય સત્, ગુણ સત્ છે અને પ્રત્યેક સમયની પર્યાય પણ સ્વતંત્ર સત્ છે અને તેથી કોઈ કોઇનું કાંઇપણ કરી શકતું નથી એવો નિર્ણય કરવો–સ્વસન્મુખ જ્ઞાતા થવું તે સાચો પુરુષાર્થ છે.]

---

* [દ્રવ્ય, ગુણ, પર્યાયને કેવળી ભગવાન જાણે છે પરન્તુ તેના અપેક્ષિત ધર્મોને જાણી શકતા નથી, વિશેષને જાણતા નથી એમ માનવું અસત્ય છે. અને તેઓ અનંતને કે માત્ર પોતાના આત્માને જ જાણે છે પણ સર્વથા (સર્વ પ્રકારે) ન જાણે એમ માનવું તે પણ ન્યાયથી વિરુદ્ધ છે. કેવળજ્ઞાની ભગવાન સર્વજ્ઞ હોવાથી અનેકાન્તાત્મક પ્રત્યેક વસ્તુને પ્રત્યક્ષ જાણે છે.]

(એક સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયોને) પ્રત્યેક સમયમાં યથાવસ્થિત, પરિપૂર્ણરૂપે સ્પષ્ટ અને એક સાથે જાણે છે તેને કેવળજ્ઞાન કહે છે

૮૭ (અ) અનેકાન્ત કોને કહે છે?

૮૭ પ્રત્યેક વસ્તુમાં વસ્તુપણાની નીપજાવનારી (સિદ્ધ કરનારી) અસ્તિત્વ, નાસ્તિત્વ આદિ

પરસ્પર વિરુદ્ધ બે શકિતઓનું પ્રકાશવું તે અનેકાન્ત છે. આત્મા સદા સ્વરૂપે છે અને પર-રૂપે નથી એવી જે દૃષ્ટિ તે જ ખરી અનેકાન્તદૃષ્ટિ છે.

૮૮ એક સમયમાં એક જીવને કેટલા જ્ઞાન હોઇ શકે?

૮૮ એક સમયમાં એક જીવને ઓછામાં ઓછું એક અને વધારેમાં વધારે ચાર જ્ઞાન હોય છે. તેનો ખુલાસો આ રીતે છે-એક કેવળજ્ઞાન જ હોય છે. બે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન હોય છે. ત્રણ મતિજ્ઞાન; શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન અથવા



૧૩૩ ઉપાદાન કારણ અને નિમિત્તની ઉપસ્થિતિનો શું નિયમ છે?

(બનારસી વિલાસમાં કથિત દોહા-)

પ્રશ્ન—(૧)

ગુરુ ઉપદેશ નિમિત્ત બિન, ઉપાદાન બલહીન;
જ્યોં નર દૂજે પાંવ બિન, ચલવેકો આધીન. ૧

પ્રશ્ન—(૨)

હૌં જાને થા એક હી, ઉપાદાન સોં કાજ;
થકૈ સહાઇ પૌન બિન, પાની માંહિ જહાજ. ૨

પ્રથમ પ્રશ્નનો ઉત્તરઃ—

જ્ઞાન નૈન કિરિયા ચરન, દોઊ શિવમગ ધાર;
ઉપાદાન નિશ્ચય જહાં, તહં નિમિત્ત વ્યૌહાર. ૩

અર્થ :- સમ્યગ્દર્શન-જ્ઞાનરૂપ નેત્ર અને જ્ઞાનમાં ચરણ અર્થાત્ લીનતારૂપ ક્રિયા બન્ને મળીને મોક્ષમાર્ગ

નિયામક કારણ છે. [આ કથન જ્ઞાનની યોગ્યતા (–સામાર્થ્ય)ને માટે છે. પરંતુ યોગ્યતાનું કારણપણું સર્વમાં સર્વત્ર સમાન છે.] (૨) સામર્થ્ય, શક્તિ, પાત્રતા, લાયકાત, તાકાત, તે યોગ્યતા શબ્દના અર્થ છે. *

૧૩૨ નિમિત્ત કારણ કોને કહે છે ?

૧૩૨ જે પદાર્થ સ્વયં કાર્યરૂપ ન પરિણમે પરંતુ કાર્યની ઉત્પત્તિમાં અનુકૂળ હોવાનો જેના ઉપર આરોપ આવી શકે તે પદાર્થને નિમિત્તકારણ કહે છે. જેમકે– ઘડાની ઉત્પત્તિમાં કુંભાર, દંડ, ચક્ર આદિ. (નિમિત્ત સાચુ કારણ નથી– *અહેતુવત્ (અકારણવત્) છે કારણ કે તે ઉપચાર માત્ર અથવા વ્યવહાર માત્ર કારણ છે.)

---

* 'યોગ્યતા' શબ્દનો પ્રયોગ શાસ્ત્રોમાં અનેક ઠેકાણે છે. આધાર માટે જુઓ પરિશિષ્ટ. પંચાધ્યાયી ભાગ ૨. ગા. ૩૫૧.



મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન હોય છે. ચાર મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અવધિજ્ઞાન અને મન-પર્યયજ્ઞાન હોય છે.

૮૯ સમ્યક્ત્વ (શ્રદ્ધા) ગુણ કોને કહે છે ?

૮૯ **જે ગુણની નિર્મળદશા પ્રગટ થવાથી પોતાના શુદ્ધ આત્માનો પ્રતિભાસ (યથાર્થ પ્રતીત) થાય.** ૧ સાચા દેવ–ગુરુ–ધર્મમાં દૃઢ પ્રતીતિ, ૨ જીવાદિ સાત તત્ત્વોની સાચી પ્રતીતિ, ૩ સ્વ–પરનું શ્રદ્ધાન, ૪ આત્મ-શ્રદ્ધાન,—આ લક્ષણોના અવિનાભાવ સહિત જે શ્રદ્ધાન થાય છે તે નિશ્ચયસમ્યગ્દર્શન છે. (તે પર્યાયનો ધારક સમ્યક્ત્વ (શ્રધ્ધા) ગુણ છે, સમ્ય-ગ્દર્શન અને મિથ્યાદર્શન તેની પર્યાયો છે.)

૯૦ જૈન કોને કહે છે ?

૯૦ નિજ શુધ્ધાત્મદ્રવ્યના આશ્રયથી મિથ્યાત્વ. રાગ–દ્વેષાદિને જીતનારી નિર્મળ પરિણતિ જેણે

પ્રગટ કરી છે તે જ જૈન છે. મિથ્યાત્વના નાશપૂર્વક જેટલા અંશે જે રાગાદિનો નાશ કરે છે તેટલા અંશે તે જૈન છે. વાસ્તવમાં જૈનત્વનો પ્રારંભ નિશ્ચયસમ્યગ્દર્શનથી જ થાય છે.

૯૧ ચારિત્ર કોને કહે છે ?

૯૧ નિશ્ચયસમ્યગ્દર્શન સહિત સ્વરૂપમાં ચરણ કરવું (–રમવું); પોતાના સ્વભાવમાં અકષાય પ્રવૃત્તિ કરવી તે ચારિત્ર છે અને તે ચારિત્ર, મિથ્યાત્વ અને અસ્થિરતા રહિત અત્યંત *નિર્વિકાર એવો જીવનો પરિણામ છે. અને આવી પર્યાયોને ધારણ કરનાર ગુણને ચારિત્રગુણ કહે છે.

---

*[આવા પરિણામોને સ્વરૂપસ્થિરતા, નિશ્ચલતા, વીતરાગતા, સામ્ય ધર્મ અને ચારિત્ર કહે છે. આત્માના ચારિત્રગુણની આવી શુદ્ધપર્યાય ઉત્પન્ન થાય છે ત્યારે બાહ્ય અને અભ્યંતર ક્રિયાનો યથાસંભવ નિરોધ થઈ જાય છે.]



૩૧૦ ઉપાદાન કારણ કોને કહે છે?

૧૩૦ (૧) જે પદાર્થ સ્વયં કાર્યરૂપ પરિણમે તેને ઉપાદાન કારણ કહે છે, જેમ કે ઘડાની ઉત્પત્તિમાં માટી. (૨) અનાદિકાળથી દ્રવ્યમાં જે પર્યાયોનો પ્રવાહ ચાલ્યો આવે છે તેમાં અનન્તર પૂર્વક્ષણવર્તીપર્યાય ઉપાદાન કારણ છે અને અનંતર ઉતરક્ષણવર્તી પર્યાય કાર્ય છે. (૩) તે સમયની પર્યાયની યોગ્યતા તે ઉપાદાનકારણ છે અને તે જ પર્યાય કાર્ય છે. ઉપાદાન તે જ સાચું (–વાસ્તવિક) કારણ છે.

[નં. ૧ ધ્રુવ ઉપાદાન દ્રવ્યાર્થિક નયથી છે, નં. ૨–૩ ક્ષણિક ઉપાદાન પર્યાયાર્થિક નયથી છે.]

૧૩૧ યોગ્યતા કોને કહે છે ?

૧૩૧ **"योग्यतैव विषयप्रतिनियमकारण मिति"** (ન્યાય દી. પૃ. ૨૭) યોગ્યતા જ વિષયનું પ્રતિ-

૧૨૭ કાર્ય કેવી રીતે થાય છે ?

૧૨૭ **कारणानुविधायित्वादेव कार्याणां' 'कारणानुविधायीनि कार्याणि'–**

કારણ જેવા જ કાર્ય હોવાથી કારણ જેવું જ કાર્ય થાય છે. કાર્યને–ક્રિયા, કર્મ, અવસ્થા, પર્યાય, હાલત, દશા, પરિણામ, પરિણમન અને પરિણતિ પણ કહે છે. [અહીં કારણને ઉપાદાન-સમજવું કારણ કે ઉપાદાન કારણ તે જ સાચું કારણ છે.]

૧૨૮ કારણ કોને કહે છે ?

૧૨૮ કાર્યની ઉત્પાદક સામગ્રીને કારણ કહે છે.

૧૨૯ ઉત્પાદક સામગ્રીના કેટલાક ભેદ છે ?

૧૨૯ બે છે. ઉપાદાન અને નિમિત્ત. ઉપાદાનને નિજ શક્તિ અથવા નિશ્ચય અને નિમિત્તને પરયોગ અથવા વ્યવહાર કહે છે.



૯૨ કષાય કોને કહે છે ?

૯૨ મિથ્યાત્વ અને ક્રોધ–માન–માયા–લોભરૂપ આત્માની વિભાવપરિણતિને કષાય કહે છે.

૯૩ ચારિત્રના કેટલા ભેદ છે ?

૯૩ ચાર ભેદ છે—સ્વરૂપાચરણ ચારિત્ર, દેશ–ચારિત્ર, સકલ ચારિત્ર અને યથાખ્યાત–ચારિત્ર.

૯૪ સ્વરૂપાચરણ ચારિત્ર કોને કહે છે ?

૯૪ નિશ્ચયસમ્યગ્દર્શન થતાં આત્માનુભવ પૂર્વક આત્મ-સ્વરૂપમાં જે સ્થિરતા થાય છે તેને સ્વરૂપાચરણ ચારિત્ર કહે છે. (અવિરત સમ્યગ્દષ્ટિને પણ મોક્ષના કારણરૂપ જઘન્ય ચારિત્ર (–સ્વરૂપાચરણ) હોય છે. –(પુ. સિ. ગા. ૧૭૧)

૯૫ દેશચારિત્ર કોને કહે છે ?

૯૫ નિશ્ચયસમ્યગ્દર્શન સહિત ચારિત્રગુણની આંશિક શુદ્ધિ થવાથી, (અનંતાનુબંધી–અપ્રત્યાખ્યાની

કષાયોના અભાવપૂર્વક) ઉત્પન્ન આત્માની શુધ્ધિ-વિશેષને દેશચારિત્ર કહે છે,

(આ શ્રાવકદશામાં વ્રતાદિરૂપ શુભભાવ હોય છે.)

(શુધ્ધ દેશચારિત્રથી ધર્મ થાય છે અને વ્યવહાર-વ્રતથી બંધ થાય છે. નિશ્ચયચારિત્ર વિના સાચું વ્યવહારચારિત્ર હોઇ શકે નહિ.)

૯૬ સકલ ચારિત્ર કોને કહે છે ?

૯૬ નિશ્ચયસમ્યગ્દર્શન સહિત ચારિત્ર ગુણની શુધ્ધિની વૃધ્ધિ થવાથી (અનંતાનુબંધી આદિ ત્રણ જાતના કષાયોના અભાવપૂર્વક) ઉત્પન્ન (ભાવલિંગી મુનિપદને યોગ્ય) આત્માની શુદ્ધિ વિશેષને સકલ ચારિત્ર કહે છે. અને મુનિપદમાં ૨૮ મૂળ ગુણ આદિના શુભ ભાવ હોય છે. તેને વ્યવહાર સકલ ચારિત્ર કહે છે.

(નિશ્ચયચારિત્ર આત્માશ્રિત હોવાથી મોક્ષમાર્ગ છે,



(૪) સંપ્રદાન કોને કહે છે ?

કર્મ (–પરિણામ–કાર્ય) જેને દેવામાં આવે અથવા જેને માટે કરવામાં આવે છે તેને સંપ્રદાન કહે છે.

(૫) અપાદાન કોને કહે છે ?

જેમાંથી કર્મ કરવામાં આવે છે તે ધ્રુવવસ્તુને અપાદાન કહેવામાં આવે છે.

(૬) અધિકરણ કોને કહે છે ?

જેમાં અથવા જેના આધારે કર્મ કરવામાં આવે છે તેને અધિકરણ કહે છે.

સર્વદ્રવ્યોની પ્રત્યેક પર્યાયમાં આ છએ કારક એક સાથે વર્તે છે તેથી આત્મા અને પુદ્ગલ શુધ્ધદશામાં કે અશુધ્ધ દશામાં સ્વયં જ છએ કારકરૂપ પરિણમન કરે છે અને અન્ય કોઇ કારકો (–કારણો)ની અપેક્ષા રાખતા નથી. (પંચાસ્તિકાય ગાથા ૬૨ સં. ટીકા)

(૩) જીવતત્ત્વનો સ્વભાવ રાગાદિઘાત રહિત શુધ્ધ ચૈતન્યપ્રાણમય છે, તેના સ્વભાવસહિત અહિંસાધર્મ છે તેથી જેને શુધ્ધ જીવની શ્રધ્ધા છે તેને (નિજ આત્માની) અહિંસારૂપ ધર્મની શ્રધ્ધા છે.

## છ કારક

૧૨૬ (૧) કર્તા કોને કહે છે ?

જે સ્વતંત્રતાથી (–સ્વાધીનતાથી) પોતાના પરિણામ કરે તે કર્તા છે.

પ્રત્યેક દ્રવ્ય પોતામાં સ્વતંત્ર વ્યાપક હોવાથી પોતાના જ પરિણામોનો કર્તા છે.)

(૨) કર્મ (–કાર્ય) કોને કહે છે ?

કર્તા જે પરિણામને પ્રાપ્ત કરે છે તે પરિણામ તેનું કર્મ છે.

(૩) કરણ કોને કહે છે ?

તે પરિણામના સાધકતમ અર્થાત્ ઉત્કૃષ્ટ સાધનને કરણ કહે છે.



ધર્મ છે અને વ્યવહારચારિત્ર પરાશ્રિત હોવાથી બંધમાર્ગ છે, ધર્મ નથી.)

૯૭ યથાખ્યાત ચારિત્ર કોને કહે છે ?

૯૭ નિશ્ચયસમ્યગ્દર્શન સહિત ચારિત્ર ગુણની પૂર્ણ શુદ્ધતા થવાથી કષાયોના સર્વથા અભાવપૂર્વક ઉત્પન્ન આત્માની શુદ્ધિ વિશેષને યથાખ્યાત ચારિત્ર કહે છે.

૯૮ સુખ કોને કહે છે ?

૯૮ નિરાકુળ આનંદસ્વરૂપ આત્માના પરિણામ વિશેષને સુખ કહે છે.

૯૯ વીર્ય કોને કહે છે ?

૯૯ આત્માની શક્તિ–સામર્થ્યને (બળને) વીર્ય કહે છે.

૧૦૦ ભવ્યત્વ ગુણ કોને કહે છે ?

૧૦૦ જે ગુણના કારણે આત્મામાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર પ્રગટ કરવાની યોગ્યતા

રહે છે તે ગુણને * ભવ્યત્વગુણ છે. (આ ગુણ યોગ્યતારૂપ સ્વભાવ છે)

૧૦૧ અભવ્યત્વગુણ કોને કહે છે?

૧૦૧ જે ગુણના કારણે આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવાની યોગ્યતા ન હોય, તે ગુણને અભવ્યત્વગુણ કહે છે.

૧૦૨ જીવત્વગુણ કોને કહે છે?

૧૦૨ આત્મદ્રવ્યના કારણભૂત ચૈતન્યમાત્રભાવરૂપ ભાવપ્રાણનું ધારણ કરવું જેનું લક્ષણ છે તે શક્તિને જીવત્વગુણ કહે છે.

૧૦૩ પ્રાણના કેટલા ભેદ છે?

૧૦૩ બે ભેદ છે—દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણ.

૧૦૪ દ્રવ્યપ્રાણના કેટલા ભેદ છે?

---

* [ભવ્યત્વગુણ સદા ભવ્ય જીવોમાં જ છે. અને અભવ્યત્વ ગુણ સદા અભવ્ય જીવોમાં જ છે.



શુભ વિકલ્પ આવે છે અને એવા જ જૈનમુનિ (—ગુરુ) હોય છે. (છઠ્ઠા-સાતમા ગુણસ્થાનનો ઉત્કૃષ્ટકાળ અંતર્મુહૂર્ત છે.)

૧૨૪ ધર્મ કોને કહે છે?

૧૨૪ નિજ આત્માની અહિંસાને ધર્મ કહે છે.

૧૨૫ સાત તત્ત્વોની યથાર્થ શ્રદ્ધામાં દેવ-ગુરુ-ધર્મની શ્રધ્ધા કેવી રીતે આવે છે?

૧૨૫ (૧) **મોક્ષતત્ત્વ** સર્વજ્ઞ-વીતરાગ સ્વભાવ છે, તેના ધારક શ્રી અર્હંત-સિધ્ધ છે અને તે જ નિર્દોષ દેવ છે. તેથી જેને મોક્ષતત્ત્વની શ્રધ્ધા છે તેને સાચા દેવની શ્રધ્ધા છે.

(૨) **સંવર-નિર્જરા** નિશ્ચયરત્નત્રય સ્વભાવ છે, તેના ધારક ભાવલિંગી આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ છે તે જ નિર્ગ્રંથ-દિગમ્બર ગુરુ છે; તેથી જેને સંવર-નિર્જરાની સાચી શ્રધ્ધા છે તેને સાચા ગુરુની શ્રધ્ધા છે.

(૫) શ્રી સાધુનું સ્વરૂપ :—સમસ્ત વ્યાપારથી વિમુક્ત ચાર પ્રકારની આરાધનામાં સદા લવલીન, નિર્ગ્રંથ અને નિર્મોહ એવા સર્વ સાધુ હોય છે. ૭૫ (સાધુના ૨૮ મૂળગુણ હોય છે.)

આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુનું સામાન્ય સ્વરૂપ :—જે નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન સહિત, વિરાગી બનીને, સમસ્ત પરિગ્રહનો ત્યાગ કરીને, શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરીને અંતરંગમાં તો તે જ શુદ્ધોપયોગ દ્વારા પોતાના આત્માનો અનુભવ કરે છે, પર દ્રવ્યમાં અહંબુદ્ધિ કરતા નથી, જ્ઞાનાદિ સ્વભાવને જ પોતાનો માને છે, પરભાવોમાં મમત્વ કરતા નથી, કોઈને ઇષ્ટ-અનિષ્ટ માનીને તેમાં રાગદ્વેષ કરતા નથી, હિંસાદિ અશુભ ઉપયોગનું તો તેમને અસ્તિત્વ જ મટી ગયું છે, અનેકવાર સાતમા ગુણસ્થાનના નિર્વિકલ્પ આનંદમાં લીન રહ્યા કરે છે, જ્યારે છઠ્ઠા ગુણસ્થાનમાં આવે છે ત્યારે ૨૮ મૂળગુણોના અખંડ પાલનને માટે



૧૦૪ દશ ભેદ છે—પાંચ ઇન્દ્રિય, ત્રણ બળ, શ્વાસોચ્છ્વાસ અને આયુ. (આ બધી પુદ્ગલ દ્રવ્યોની પર્યાયો છે. જીવોને આ દ્રવ્યપ્રાણોના સંયોગથી જીવન અને વિયોગથી મરણરૂપ અવસ્થા વ્યવહારથી કહેવાય છે.)

૧૦૫ ભાવપ્રાણ કોને કહે છે?

૧૦૫ ચૈતન્ય અને બળ પ્રાણ એને ભાવપ્રાણ કહે છે.

૧૦૬ ભાવપ્રાણના કેટલા ભેદ છે?

૧૦૬ બે ભેદ છે. *ભાવેન્દ્રિય અને બળ પ્રાણ.

૧૦૭ ભાવેન્દ્રિયના કેટલા ભેદ છે?

૧૦૭ પાંચ ભેદ છે. સ્પર્શનેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને કર્ણેન્દ્રિય.

---

*[આ ભેદ સંસારી જીવોમાં છે. ભાવેન્દ્રિયો બધી ચેતન છે. અને જ્ઞાનની મતિરૂપ પર્યાયો છે.

૧૦૮ ભાવબળ પ્રાણના કેટલા ભેદ છે ?

૧૦૮ ત્રણ ભેદ છે. મનોબળ, વચનબળ અને [1]કાયબળ.

૧૦૯ વૈભાવિકગુણ કોને કહે છે ?

૧૦૯ આ એક વિશેષભાવવાળો ગુણ છે—જે *ગુણના કારણે પરદ્રવ્ય (—નિમિત્ત)ના સંબંધપૂર્વક સ્વયં પોતાની યોગ્યતાથી અશુધ્ધ પર્યાયો થાય છે.

૧૧૦ અવ્યાબાધ પ્રતિજીવી ગુણ કોને કહે છે ?

૧૧૦ વેદનીય કર્મના અભાવપૂર્વક જે ગુણની શુધ્ધ પર્યાય પ્રગટ થાય છે તેને અવ્યાબાધ પ્રતિજીવી ગુણ કહે છે.

---

૧. ભાવબળપ્રાણ જીવના વીર્ય ગુણની પર્યાયો છે. દ્રવ્યબળપ્રાણ પુદ્ગલના વીર્ય ગુણની પર્યાયો છે.

* [આ વૈભાવિકગુણ જીવ અને પુદ્ગલ એ બે દ્રવ્યોમાં જ છે, બાકીના ચાર દ્રવ્યોમાં નથી. મુક્ત જીવોમાં આ ગુણની શુધ્ધ—સ્વાભાવિક પર્યાય થાય છે.]

(કયા જીવને કેટલા પ્રાણ હોય છે તે માટે જુઓ પૃ. ૬૭ પરિશિષ્ટ.)



ભગવાનને દર્શન–ઉપયોગ અને જ્ઞાનોપયોગ એકસાથે વર્તે છે; ક્રમથી નહિ.]

(૨) શ્રી સિધ્ધનું સ્વરૂપ :—આઠ કર્મના બંધનો જેમણે નાશ કર્યો છે, આઠ મહાગુણો સહિત, પરમ, લોકના અગ્રભાગમાં સ્થિત અને નિત્ય એવા સિધ્ધ હોય છે. ૭૨.

[સિધ્ધ ભગવાનમાં વ્યવહારથી આઠ ગુણ અને નિશ્ચયથી અનંત ગુણ છે.]

(૩) આચાર્યનું સ્વરૂપ :—પંચાચારોથી પરિપૂર્ણ, પંચેન્દ્રિરૂપી હાથીના મદનું દલન કરનાર, ધીર અને ગુણગંભીર એવા આચાર્ય હોય છે. ૭૨. (આચાર્યના ૩૬ ગુણ હોય છે.)

(૪) ઉપાધ્યાયનું સ્વરૂપ :—રત્નત્રયસંયુકત, જિન-કથિત પદાર્થોના શુરવીર ઉપદેશક અને નિઃકાક્ષભાવ સહિત એવા ઉપાધ્યાય હોય છે. ૭૪. (ઉપાધ્યાયના ૨૫ ગુણ હોય છે. મુનિઓમાં શિક્ષક–અધ્યાપક છે.)

મિત્રાદિ કાંઇપણ હોતું નથી માટે અતીન્દ્રિય મોક્ષ સુખ અજ્ઞાની માનતો નથી તે મોક્ષતત્વની ભુલ છે.

આ રીતે સાત તત્ત્વોની ભૂલથી અજ્ઞાની જીવ અનંતકાળથી સંસારમાં ભટકી રહ્યો છે.

(પ્રશ્ન ૮૯ના અનુસંધાનમાં)

૧૨૩ દેવ–ગુરૂનું સ્વરૂપ શું છે?

૧૨૩ શ્રી અર્હંત અને સિધ્ધ પરમેષ્ઠી દેવ છે, અને ભાવલિંગી દિગંબર મુનિ–આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ તે ગુરુ છે. ભગવાન શ્રી કુન્દકુન્દાચાર્યકૃત નિયમસારમાં દેવ ગુરુનું સ્વરૂપ નીચે પ્રમાણે આપ્યું છે:

(૧) શ્રી અર્હંતનું સ્વરૂપ—ઘનઘાતિ કર્મરહિત, કેવળજ્ઞાનાદિ પરમગુણ સહિત અને ચોત્રીસ અતિશય સંયુકત એવા અર્હંત હોય છે. (ગાથા ૭૧.)

[બાહ્ય–અભ્યંતર સર્વ મળીને ૪૬ ગુણ શ્રી અરિહંતદેવને હોય છે. શ્રી અરિહંત અને સિધ્ધ



૧૧૧ અવગાહત્વ પ્રતિજીવી ગુણ કોને કહે છે?

૧૧૧ આયુકર્મના અભાવપૂર્વક જે ગુણની શુધ્ધ પર્યાય પ્રગટ થાય છે તે ગુણને અવગાહત્વ પ્રતિજીવી ગુણ કહે છે.

૧૧૨ અગુરુલઘુત્વ પ્રતિજીવી ગુણ કોને કહે છે?

૧૧૨ ગોત્રકર્મના અભાવપૂર્વક જે ગુણની શુધ્ધપર્યાય પ્રગટ થાય છે અને ઉચ્ચ–નીચતાનો વ્યવહાર પણ દુર થઇ જાય છે તે ગુણને અગુરુલઘુત્વ પ્રતિજીવી ગુણ કહે છે.

૧૧૩ સૂક્ષ્મત્વ પ્રતિજીવી ગુણ કોને કહે છે?

૧૧૩ નામકર્મના અભાવપૂર્વક જે ગુણની શુધ્ધપર્યાય પ્રગટ થાય છે તે ગુણને સૂક્ષ્મત્વ પ્રતિજીવી ગુણ કહે છે.

૧૧૪ અભાવ કોને કહે છે?

૧૧૪ એક પદાર્થમાં બીજા પદાર્થનું ન હોવું તેને અભાવ કહે છે.

૧૧૫ અભાવના કેટલા ભેદ છે? ને ક્યા ?

૧૧૫ અભાવના ચાર ભેદ છે. પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ, અન્યોન્યાભાવ; અને અત્યંતાભાવ.

૧૧૬ પ્રાગભાવ કોને કહે છે?

૧૧૬ વર્તમાન પર્યાયનો પૂર્વપર્યાયમાં જે અભાવ તેને પ્રાગભાવ કહે છે. (તેને ન માનવામાં આવે તો કાર્ય અનાદિ ઠરે.)

૧૧૭ પ્રધ્વંસાભાવ કોને કહે છે?

૧૧૭ એક દ્રવ્યની વર્તમાન પર્યાયનો તેજ દ્રવ્યની ભવિષ્યમાં થનારી પર્યાયમાં અભાવ હોવો તેને પ્રધ્વંસાભાવ કહે છે. (તેને ન માનવામાં આવે તો તેજ કાર્ય અનંતકાળ રહે.)

૧૧૮ અન્યોન્યાભાવ કોને કહે છે?

૧૧૮ પુદ્ગલદ્રવ્યની એક વર્તમાન પર્યાયનો બીજા પુદ્ગલની વર્તમાન પર્યાયમાં જે અભાવ તેને અન્યોન્યાભાવ કહે છે. (તેને ન માનવામાં



(૫) **સંવરતત્ત્વની ભૂલ:**—નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જીવને હિતકારી છે. પણ મિથ્યાદ્રષ્ટિ જીવ તેમને કષ્ટદાયક માને છે તે સંવરતત્ત્વની ભૂલ છે.

(૬) **નિર્જરાતત્ત્વની ભુલ:**—આત્મામાં એકાગ્ર થઈને શુભ અને અશુભ બન્ને પ્રકારની ઇચ્છા રોકવાથી જે નિજઆત્માની શુદ્ધિનું પ્રતપન થવું તે તપ છે અને તે તપથી નિર્જરા થાય છે એવું તપ સુખદાયક છે. પરંતુ અજ્ઞાની તેને ક્લેશદાયક માને છે અને આત્માની જ્ઞાનાદિ અનંત શક્તિઓને ભૂલીને પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં સુખ માનીને તેમાં જ પ્રીતિ કરે છે તે નિર્જરા તત્ત્વની ભૂલ છે.

(૭) **મોક્ષતત્ત્વની ભુલ:**—આત્માની પરિપૂર્ણ શુધ્ધદશાનું પ્રગટ થવું તે મોક્ષ છે. તેમાં આકુળતાનો અભાવ છે—પૂર્ણ સ્વાધીન નિરાકુળ સુખ છે. પરંતુ અજ્ઞાની એમ ન માનતાં શરીરમાં, મોજશોખમાં જ સુખ માને છે, મોક્ષમાં દેહ, ઇન્દ્રિય, ખાવું, પીવું

ગયો ઇત્યાદિરૂપ અજીવની અવસ્થાને, અજ્ઞાની જીવ પોતાની અવસ્થા માને છે, આ અજીવ તત્ત્વની ભૂલ છે કેમ કે અજીવને જીવ માની લીધો.

(૩) **આસ્રવતત્ત્વની ભૂલ:–** મિથ્યાત્વ, રાગ–દ્વેષ, શુભાશુભભાવ આસ્રવ છે, તે ભાવ આત્માને પ્રગટપણે દુઃખ દેવાવાળા છે પરંતુ મિથ્યાદૃષ્ટિ જીવ તેમને હિતરૂપ જાણીને નિરંતર તેમનું સેવન કરે છે, તે આસ્રવતત્ત્વની ભૂલ છે.

(૪) **બંધ તત્ત્વની ભૂલ:–** જેવી સોનાની બેડી તેવી જ લોઢાની બેડી–બન્ને બંધનકારક છે; તેવી જ રીતે પુણ્ય અને પાપ બન્ને જીવને બંધન કર્તા છે; પરંતુ મિથ્યા–દૃષ્ટિ જીવ એમ ન માનતાં પુણ્યને ભલું–હિતકારી માને છે. તત્ત્વદૃષ્ટિથી તો પુણ્ય–પાપ બન્ને અહિતકર જ છે પરંતુ અજ્ઞાની તેમ માનતો નથી તે બંધ તત્ત્વની ભૂલ છે.



આવે તો એક પુદ્ગલ દ્રવ્યની વર્તમાન પર્યાય બીજા પુદ્ગલ દ્રવ્યની વર્તમાન પર્યાયથી સ્વતંત્ર અને ભિન્ન નહિ રહે.)

૧૧૯ અત્યંતાભાવ કોને કહે છે ?

૧૧૯ એક દ્રવ્યમાં બીજા દ્રવ્યના અભાવને અત્યંતાભાવ કહે છે. (તેને ન માનવામાં આવે તો કોઈ પણ દ્રવ્ય સ્વતંત્ર અને ભિન્ન ન રહે.)

આ ચાર પ્રકારના અભાવ સમજવાથી ધર્મ સંબંધી શું લાભ છે ?

(૧) પ્રાગભાવથી એમ સમજવું કે અનાદિ કાળથી અજ્ઞાન, મિથ્યાત્વાદિ દોષ કર્યો અને ધર્મ કદી પણ કર્યો નથી તો પણ ધર્મ વર્તમાનમાં નવા પુરુષાર્થથી થઇ શકે છે કારણ કે વર્તમાન પર્યાય (–અવસ્થા)નો પૂર્વ પર્યાયમાં અભાવ છે.

(૨) પ્રધ્વંસાભાવથી એમ સમજવું કે વર્તમાન અવસ્થામાં ધર્મ ન કર્યો હોય તો પણ તે અધર્મ-

દશાનો તરત વ્યય (–અભાવ) કરીને જીવ નવા પુરુષાર્થથી ધર્મ પ્રગટ કરી શકે છે.

(૩) અન્યોન્યાભાવથી એમ સમજવું કે એક પુદ્ગલ દ્રવ્યની પર્યાય બીજા પુદ્ગલની પર્યાયને કાંઇ પણ કરી શકતી નથી અર્થાત્ એકબીજાને મદદ, સહાય, અસર, પ્રેરણાદિ કાંઈ કરી શકતા નથી.

(૪) અત્યંતાભાવથી એમ સમજવું કે પ્રત્યેક દ્રવ્યમાં બીજા દ્રવ્યનો અભાવ હોવાથી એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાયને કાંઇ પણ કરી શકતું નથી અર્થાત્ સહાય, અસર, મદદ, પ્રેરણા ઇત્યાદિ કાંઇ કરી શકતું નથી. શાસ્ત્રમાં જે કાંઇ અન્યનું કરવું, કરાવવું વગેરેનું કથન છે તે ઘીના ઘડા સમાન વ્યવહારનું કથન માત્ર છે, સત્યાર્થ નથી.

આવી સમજણ કરવાથી સ્વસન્મુખપણાનો પુરુષાર્થ થાય છે તે જ સાચો લાભ છે.



તથા શરીર સ્વસ્થ હોય તો મને લાભ થાય છે, બાહ્ય અનુકુળ સંયોગથી હું સુખી અને બાહ્ય પ્રતિકુળ સંયોગથી દુઃખી, હું નિર્બળ, હું મનુષ્ય, હું કુરૂપ, હું સુન્દર એમ માને છે. શરીરાશ્રિત ઉપદેશ, ઉપવાસાદિ ક્રિયાઓમાં નિર્જરા માને છે, એમ માનવું તે જ જીવ-તત્ત્વની ભૂલ છે.

**(૨) અજીવ તત્વની ભૂલ:–** મિથ્યા અભિપ્રાયવશ જીવ એમ માને છે કે શરીર ઉત્પન્ન થવાથી મારો જન્મ થયો, શરીરનો નાશ થવાથી હું મરી જઇશ, ધન, શરીર ઈત્યાદિ જડ પદાર્થોમાં પરિવર્તન થતાં પોતામાં ઇષ્ટ–અનિષ્ટ પરિવર્તન માનવું; શરીરની ઉષ્ણ અવસ્થા થતાં મને તાવ આવ્યો, શરીરને ભુખ, તરસરૂપ અવસ્થા થતાં મને ભૂખ, તરસ લાગી છે એમ માનવુ, શરીર કપાઈ જતાં હું કપાઇ

(૬) **નિર્જરા**—અખંડાનંદ નિજશુદ્ધાત્માના લક્ષના બળથી આંશિક શુદ્ધિની વૃદ્ધિ અને અશુદ્ધ (–શુભાશુભ ઇચ્છારૂપ) અવસ્થાની આંશિક હાનિ કરવી તે **ભાવનિર્જરા** છે અને તે સમયે ખરવા યોગ્ય કર્મોનું અંશે ખરી જવું તે **દ્રવ્યનિર્જરા** છે.

(૭) **મોક્ષ**—સર્વજ્ઞતા આદિ આત્માની શુદ્ધ પર્યાયોનું પ્રગટ થવું અને ભાવકર્મનો સર્વથા નાશ થવો તે **ભાવમોક્ષ** છે અને પોતાની યોગ્યતાથી દ્રવ્યકર્મોનો આત્મપ્રદેશોથી અત્યંત અભાવ થવો તે **દ્રવ્યમોક્ષ** છે ૧૩મા ગુણસ્થાને ભાવમોક્ષ થાય છે.)

૧૨૨ મિથ્યાદૃષ્ટિ જીવ આ સાત તત્ત્વોની કેવી કેવી ભૂલ કરે છે?

૧૨૨ (૧) **જીવતત્ત્વની ભૂલ**—જીવ તો ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છે, તેને અજ્ઞાનવશ જીવ જાણતો નથી અને જે શરીર છે તે હું જ છું, શરીરના કાર્ય હું કરી શકું છું એમ માને છે



૧૨૦ સ્યાદ્વાદ કોને કહે છે?

૧૨૦ વસ્તુના અનેકાન્ત સ્વરૂપને સમજાવનારી કથન પદ્ધતિને સ્યાદ્વાદ કહે છે.

[ સ્યાત્-કથંચિત્ કોઇ પ્રકારે, કોઇ અપેક્ષાએ, વાદ=કથન. સ્યાદ્વાદ અનેકાન્તનું દ્યોતક છે—બતાવનાર છે.]

(પ્રશ્ન ૮૯ ના અનુસંધાનમાં)

૧૨૧ તત્ત્વ કેટલા છે?

૧૨૧ જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વ છે.

**૧૨૧અ** સાત તત્વ કોને કહે છે?

૧૨૧અ **જીવ**—જીવ અર્થાત્ આત્મા, તે સદા જ્ઞાનસ્વરૂપ પરથી ભિન્ન અને ત્રિકાળસ્થાયી છે.

(૨) **અજીવ**—જેમાં ચેતના—જ્ઞાતૃત્વ નથી એવા દ્રવ્ય પાંચ છે

તેમાંથી ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ

ચાર અરૂપી છે અને પુદ્ગલ દ્રવ્ય રૂપી (-સ્પર્શ, રસ, ગંધ, વર્ણસહિત) છે.

(૩) **આસ્રવ**-વિકારી શુભાશુભભાવરૂપ જે અરૂપી અવસ્થા જીવમાં થાય છે તે **ભાવાસ્રવ**, અને તે સમયે નવીન કર્મ યોગ્ય રજકણોનું સ્વય સ્વતઃ આવવું (-આત્માની સાથે એક ક્ષેત્રે આગમન થવું) તે **દ્રવ્યાસ્રવ** છે. (તેમાં જીવની અશુદ્ધપર્યાય નિમિત્ત માત્ર છે.)

પુણ્ય-પાપ બન્ને આસ્રવ અને બંધના ભેદ છે.

**પુણ્ય**-દયા, દાન, ભકિત, પૂજા, વ્રત ઇત્યાદિ શુભભાવ જીવની પર્યાયમાં થાય છે, તે અરૂપી અશુદ્ધ ભાવ છે અને તે **ભાવપુણ્ય** છે અને તે સમયે કર્મયોગ્ય પરમાણુઓનો સમૂહ સ્વયંસ્વતઃ એકક્ષેત્રાવગાહ સંબંધથી જીવની સાથે બંધાય છે તે **દ્રવ્યપુણ્ય** છે. (તેમાં જીવની અશુદ્ધ પર્યાય નિમિત્તમાત્ર છે.)

**પાપ**-હિંસા, અસત્ય, ચોરી ઇત્યાદિ જે અશુભભાવ



છે તે **ભાવપાપ** છે અને તે સમયે કર્મયોગ્ય પુદ્ગલ સ્વયં સ્વતઃ જીવની સાથે બંધાય છે તે **દ્રવ્યપાપ** છે. (તેમાં જીવની અશુદ્ધપર્યાય નિમિત્ત માત્ર છે.)

પરમાર્થથી વાસ્તવમાં પુણ્ય-પાપ (-શુભાશુભ-ભાવ, આત્માને અહિતકર છે, આત્માની ક્ષણિક અશુદ્ધ અવસ્થા છે. દ્રવ્ય પુણ્ય-પાપ આત્માનું હિત-અહિત કરી શકતા નથી.

(૪) **બંધ**-આત્માનું અજ્ઞાન, રાગ-દ્વેષ, પુણ્ય-પાપરૂપ વિભાવમાં રોકાઈ જવું તે **ભાવબંધ** છે. અને તે સમયે કર્મયોગ્ય પુદ્ગલોનું સ્વયં સ્વતઃ જીવની સાથે એકક્ષેત્રાવગાહરૂપ બંધાવું તે **દ્રવ્યબંધ** છે. (અને તેમાં જીવની અશુદ્ધ પર્યાય નિમિત્ત માત્ર છે.)

(૫) **સંવર**-પુણ્ય-પાપરૂપ અશુદ્ધભાવ (-આસ્રવ) ને આત્માના શુદ્ધભાવ દ્વારા રોકવા તે **ભાવસંવર** છે અને તદનુસાર નવા કર્મોનું આગમન સ્વયં સ્વતઃ રોકાઈ જાય તે **દ્રવ્યસંવર** છે.